RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 302* Date: 30.08.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### દિલ્હી વિધાનસભામાં આપનો વિશ્વાસમત પ્રસ્તાવ રજૂ

## વર્તમાન કેન્દ્ર સરકાર આઝાદીના ૭૫ વર્ષમાં સૌથી ભ્રષ્ટ સરકાર તેમના મિત્રો ૧૦ લાખ કરોડ ખાઈ ગયા



નવીદિલ્હી,તા.૨૯

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે વિધાનસભામાં વિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. પ્રસ્તાવ પહેલા ભાજપના ધારાસભ્યોએ પાણી અને ભ્રષ્ટાચાર પર ચર્ચાની માંગ કરી હતી, ત્યારબાદ તમામ ધારાસભ્યોને આખો દિવસ માટે ગૃહમાંથી માર્શલ આઉટ એટલે કે ગૃહમાંથી બહાર ધકેલી દેવામાં આવ્યા હતા. કેજરીવાલે આ પગલું દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાના ઘર પર સીબીઆઈના દરોડા અને છછઁ ધારાસભ્યોના ભાજપના સંપર્કમાં હોવાના અહેવાલો વચ્ચે આ પગલું ઉઠાવ્યું છે.

દિલ્હીના સીએમએ કહ્યું કે વર્તમાન કેન્દ્ર સરકાર આઝાદીના ૭૫ વર્ષમાં સૌથી ભ્રષ્ટ સરકાર છે. તેમના મિત્રો ૧૦ લાખ કરોડ ખાઈ ગયા. તેમણે ૬૩૦૦ કરોડમાં ધારાસભ્યો ખરીદ્યા અને લાલ કિલ્લા પરથી કહે છે- હું ભ્રષ્ટાચાર સામે લડી રહ્યો છું. તેમણે કહ્યું કે ભાજપે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગોવામાં ઓપરેશન લોટસ ચલાવ્યું છે. ઝારખંડમાં પણ પ્રયાસ કરી રહ્યા છે. તેમણે દિલ્હીમાં પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ નિષ્ફળ ગયું છે.

દિલ્હી વિધાનસભામાં વિશ્વાસ મત પર ચર્ચા પહેલા ભાજપના ધારાસભ્યોએ હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન ધારાસભ્યો વેલમાં ધસી આવ્યા હતા અને મનીષ સિસોદિયાના રાજીનામાની માંગ કરી હતી. ધારાસભ્યોના હોબાળાને જોઈને ડેપ્યુટી સ્પીકર રાખી બિરલાએ બીજેપી ધારાસભ્યોને આખો દિવસ માર્શલ આઉટ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

દિલ્હીમાં ઓપરેશન લોટસને લઈને રાજકીય હોબાળો વચ્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વિધાનસભામાં વિશ્વાસ મત રજૂ કર્યો હતો. પ્રસ્તાવ રજૂ કરતા કેજરીવાલે કહ્યું કે વિપક્ષના નેતા નાટક બાજીમાં માને છે. વિશ્વાસ મત પર ચર્ચા બાદ મતદાન પણ કરવામાં આવ્યું હતું જેમાં કેજરીવાલ સરકારે બહુમતિ હાંસલ કરી હતી વિશ્વાસ પ્રસ્તાવ માટે ૨ કારણો મુખ્ય રહ્યાં હતાં જેમાં ઓપરેશન લોટસની ચર્ચાઓ વચ્ચે બહુમતી બતાવીને શક્તિ પ્રદર્શન અને બીજુ ૬ મહિના સરકારને ચિંતા નથી. ગુજરાતની ચૂંટણીમાં મજબુતાઈથી મેદાનમાં ઉતરશે

સંસદીય પ્રક્રિયા અનુસાર, રાજયોમાં વિશ્વાસ પ્રસ્તાવ વિધાનસભામાં લાવવામાં આવે છે, જે વર્તમાન સરકાર એટલે કે મુખ્યમંત્રી દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવે છે. જો સ્પીકર વિશ્વાસનો પ્રસ્તાવ સ્વીકારે તો સત્તાધારી પક્ષને ગૃહમાં બોલવાની તક મળે છે. જો કે, ખાસ સંજોગોમાં, રાષ્ટ્રપતિ અથવા રાજયપાલ પણ સરકારને ગૃહમાં વિશ્વાસનો મત મેળવવા માટે કહી શકે છે. આ સ્થિતિમાં, જો સરકાર વિશ્વાસ મત જીતી જાય છે, તો ૧૫ દિવસ પછી વિપક્ષ ફરીથી સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે.

દિલ્હી વિધાનસભાના વિશેષ સત્રમાં ભારે હોબાળો થયો હતો. સત્ર દરમિયાન ગૃહની કાર્યવાહીનું રેકોર્ડિંગના કારણે ભાજપના ધારાસભ્યોને માર્શલ દ્વારા બહાર કરી દેવામાં આવ્યા હતા. જો કે, દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટી પાસે ૬૨ ધારાસભ્યો છે જ્યારે ભાજપ પાસે માત્ર આઠ છે. જેના કારણે વિશ્વાસ પ્રસ્તાવ સરળતાથી પસાર થયો હતો

૧૯ ઓગસ્ટે સીબીઆઈએ એક્સાઈઝ પોલિસીને લઈને મનીષ સિસોદિયાના ઘરે દરોડા પાડ્યા હતા. જે લગભગ ૧૪ કલાક ચાલ્યા હતા અને સીબીઆઈએ આ મામલે કેસ નોંધ્યો હતો.

ત્યારથી આપ કેન્દ્રમાં શાસન કરતા ભાજપ પાર્ટી વિરુદ્ધ અવાજ ઉઠાવી રહી છે. સિસોદિયાએ દરોડા પછી કહ્યું હતું કે ભાજપે તેમને છછઁ છોડી દેવા અને મુખ્યમંત્રી બનાવવા માટેની ઓફર આપી હતી. સાથે જ ભાજપે જવાબમાં કહ્યું- આમ આદમી પાર્ટી ભ્રષ્ટાચારના આરોપથી બચવા માટે જુઠ્ઠાણાનો માહોલ બનાવી રહી છે.

વર્ષ ૧૯૯૯માં લોકસભામાં આત્મવિશ્વાસ સાથે તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ પોતાની સરકારની તરફેણમાં વિશ્વાસ પ્રસ્તાવ લોકસભામાં રજૂ કર્યો હતો. આ અંગે ભારે ચર્ચા જાગી હતી. આ દરમિયાન દેશની જનતાને સંસદીય ઈતિહાસમાં કેટલીક વિશેષ દલીલો સાંભળવા મળી હતી. અંતે વોટિંગમાં વાજપેયી સરકાર એક વોટથી પડી ગઈ હતી. સંસદમાં એક મતથી સરકાર પડી જવાની ઘટનાને ઐતિહાસિક માનવામાં આવે છે.

## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭,૫૯૧ કેસ

નવીદિલ્હી,તા.૨૯

છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાના ૭,૫૯૧ નવા કેસ નોંધાયા છે, જેનાથી કુલ કેસોની સંખ્યા ૪૪,૪૧૫, ૭૨૩ થઈ ગઈ છે. સક્રિય કેસોની સંખ્યા ૮૪, ૯૩૧ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯,૨૦૬ લોકો કોરોનાથી સાજા થયા છે, અત્યાર સુધીમાં કુલ ૪૩,૮૦૨,૯૯૩ લોકો કોરોનાથી સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૪૫ લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં કુલ ૫૨૭, ૭૯૯ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૪,૭૦,૩૩૦ રસીકરણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૧૧,૯૧,૦૫,૭૩૮ રસીકરણ કરવામાં આવ્યું છે.

તમિલનાડુમાં કોરોના વાયરસના સંક્રમણના ૫૨૫ નવા કેસ નોંધાયા હતા, ત્યારબાદ સંક્રમિતોની સંખ્યા વધીને ૩૫,૬૭,૧૬૦ થઈ ગઈ છે. મેડિકલ બુલેટિનમાં આ જાણકારી આપવામાં આવી છે. બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે રાજયમાં સંક્રમણને કારણે મૃત્યુઆંક ૩૮૦૩૪ પર સ્થિર છે અને છેલ્લા ૨૪ કલાકમાં તેના કારણે કોઈનું મોત થયું નથી. એવું કહેવાય છે કે છેલ્લા ૨૪ કલાકમાં ૫૯૬ લોકો સંક્રમણમાંથી સાજા થયા છે અને રાજયમાં સંક્રમણ મુક્ત લોકોની સંખ્યા વધીને ૩૫,૨૩,૮૫૮ થઈ ગઈ છે. બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે રાજયમાં ૫,૨૬૮ લોકો સારવાર હેઠળ છે.

ગુજરાતમાં કોરોના વાયરસના ૨૫૧ નવા દર્દીઓની પુષ્ટિ થઈ હતી અને એક સંક્રમિતનું મોત થયું હતું. આરોગ્ય વિભાગે જણાવ્યું કે રાજયમાં કોવિડના કુલ કેસ ૧૨,૬૯,૬૮૭ પર પહોંચી ગયા છે જ્યારે મૃત્યુઆંક ૧૧,૦૦૬ પર પહોંચી ગયો છે. અધિકારીએ કહ્યું કે, ચેપમાંથી વધુ ૨૦૮ લોકો સ્વસ્થ થયા પછી, ચેપ મુક્ત લોકોની સંખ્યા વધીને ૧૨,૫૬,૭૨૭ થઈ ગઈ છે. તેમણે જણાવ્યું કે રાજયમાં ચેપની સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા ૧૯૫૪ છે અને ૧૪ દર્દીઓ વેન્ટિલેટર પર છે. અમદાવાદમાં ચેપના સૌથી વધુ ૬૭ કેસ જોવા મળ્યા છે. આ પછી વડોદરામાં ૪૨, સુરતમાં ૩૨, રાજકોટમાં ૨૧ અને કચ્છમાં ૧૪ સંક્રમિત લોકોની પુષ્ટિ થઈ છે. રવિવારે ૬૯,૧૯૧ લોકોને રસી આપવામાં આવી હતી. આ પછી, અત્યાર સુધીમાં રસીના ૧૨.૩૦ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

### ભાજપનો કેજરીવાલ સરકાર પર મોટો આક્ષેપ

## ટોઈલેટને ગણાવી દીધા ક્લાસરૂમ,સરકાર બાળકોના ભવિષ્ય સાથે રમી રહી છે : ગૌરવ ભાટીયા

### નવી આબકારી નીતિમાં કૌભાંડ બાદ દિલ્હીમાં શિક્ષણ વિભાગમાં કથિત કૌભાંડનો આરોપ લગાવ્યો

નવીદિલ્હી,તા.૨૯

ભારતીય જનતા પાર્ટીએ એકવાર ફરીથી દિલ્હી સરકાર પર સવાલ ઉઠાવ્યા છે અને નવી આબકારી નીતિમાં કૌભાંડ બાદ દિલ્હીમાં શિક્ષણ વિભાગમાં કથિત કૌભાંડનો આરોપ લગાવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ આજે પ્રેસ કોન્ફરન્સ કરીને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધ્યું અને કહ્યું કે દિલ્હીમાં આપ નહીં 'પાપ'ની સરકાર છે. દિલ્હીમાં આબકારી બાદ શિક્ષણ કૌભાંડ-ભાજપભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કહ્યું કે દિલ્હીમાં આબકારી નીતિમાં કૌભાંડ બાદ શિક્ષણમાં પણ કૌભાંડ થયા છે અને શિક્ષણને લઈને દિલ્હી સરકારના દાવા ખોટા છે. તેમણે કહ્યું કે આપના ચૂંટણી ઢંઢેરામાં દિલ્હીમાં ૫૦૦ નવી શાળાઓનું વચન આપવામાં આવ્યું હતું. નવી શાળાઓ ન બની, પરંતુ પૂર્વ નિયોજિત રીતે તેમણે પીડબલ્યુડી પાસે રિપોર્ટ માંગ્યો. અરવિંદ કેજરીવાલના કહેવા પર રજૂ કરાયેલા રિપોર્ટમાં કહેવાયું છે કે વધારાના ક્લાસરૂમ બનશે અને નવી શાળાઓ નહીં બને."

ગૌરવ ભાટિયાએ કહ્યું કે દિલ્હી સરકાર બાળકોના ભવિષ્ય સાથે રમી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે કેજરીવાલ સરકારે ટોઈલેટને ક્લાસરૂમ ગણાવી દીધા. ગૌરવ ભાટિયાએ કહ્યું કે 'અમે તમારી સામે પહેલા મોટી પ્રાથમિકતાથી દિલ્હી સરકારના આબકારી કૌભાંડને સામે રજૂ કરતા આવ્યા છીએ. અરવિંદ કેજરીવાલે દિલ્હી સરકારના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનને કટ્ટર ઈમાનદાર તરીકેનું સર્ટિફિકેટ આપ્યું હતું, તેઓ ત્રણ મહિનાથી જેલમાંથી અને હજુ સુધી મંત્રી પદથી હટાવવામાં આવ્યા નથી.'



ગૌરવ ભાટિયાએ દિલ્હી સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે, 'કેજરીવાલ સરકારે ૫૦૦ શાળાઓ બનાવવાનું વચન આપ્યું હતું તે શાળાઓ તો બની નહીં. શાળાઓમાં ૨૪૦૦ રૂમની જરૂર હતી, પરંતુ તેને વધારીને ૭૧૮૦ કરવામાં આવી અને ખર્ચને વધારવામાં આવ્યો, જેનાથી નફાખોરી થઈ શકે.' તેમણે વધુમાં કહ્યું કે 'એક અંદાજા મુજબ ૩૨૬ કરોડ રૂપિયાથી ખર્ચ વધારવામાં આવ્યો. જે ટેન્ડરની કિંમતથી ૫૩ ટકા વધુ છે અને ૪૦૨૭ ક્લાસરૂમ જ બન્યા. શું આ કાળું નાણું કેજરીવાલની તિજોરીમાં આવ્યું?'

## બંગાળ સરકારના મંત્રીએ પોતાની પાર્ટીના સાસંદ અને અન્ય નેતાઓ પર પૈસા લુંટવાનો આરોપ લગાવ્યો

### ટીએમસી દ્વારા શ્રીકાંત મહતોને કારણ બતાવો નોટીસ આપવામાં આવી છે.

કોલકતા,તા.૨૯

પશ્ચિમ બંગાળ સરકારમાં રાજય મંત્રી શ્રીકાંત મહંતોના સનસનીખેજ દાવો કરનારી વીડિયો વાયરલ સામે આવી છે આ વીડિયોમાં મંત્રી મહતો પોતાની જ પાર્ટી ટીએમસીના સાંસદ મિર્મી ચક્રવર્તી અને નુસરત જહાં સહિત અન્ય મોટા નેતાઓ પર પૈસા લુંટવાનો દાવો કરી રહ્યાં છે.મંત્રીની આ વીડિયો સામે આવ્યા બાદ પાર્ટીની મુશ્કેલીઓ વધે તેવું નક્કી મનાય છે જો કે અત્યાર સુધી ટીએમસી તરફથી કોઇ પ્રતિક્રિયા આવી નથી

શ્રીકાંત મહંતો મમતા સરકારમાં ગ્રાહક બાબતોના રાજયમંત્રી છે મહતો વાયરલ વીડિયોમાં ટીએમસીના અનેક વરિષ્ઠ નેતાઓ પર હુમલો કરતા





જોવા મળી રહ્યાં છે તેમનો આરોપ છે કે જુન માલિયા,સયાાની ધોષ,સયંતિકા બેનર્જી,મિમી ચક્રવર્તી,નુસરત જહાં જેવા નેતા પૈસા લુંટી રહ્યાં છે.

વીડિયોમાં મહંતોએ કહ્યું કે અમનો અમારી નાગરિકતા બચાવવા માટે તેમની અનુસાર યોજના બનાવવી પડશે જરૂરત પડવા પર અમને બીડીઓ પોલીસ અનો અન્ય અધિકારીઓનો પ્રતિનિયુક્તિ આપવી જોઈએ તેમણે પુછયું કે અમારી પાસે નાગરિકતા છે કે નહીં અમારી નાગરિકતા બચાવવા માટે બુધ્ધિજીવી સમાજ કિસાન સંઘર્ષ કરી રહ્યાં છે અને જરૂરત પડવા પર અમે મમતા બેનર્જીની પાસે જઇ શકીએ છીએ આ પહેલા અમે અભિષેક બેનર્જી,સુબ્રત બખ્શીનો પણ સમજાવવા ઈચ્છતા હતાં પરંતુ તે સમજવા માંગતા નથી તે ખરાબ લોકોને સારા સાથીના રૂપમાં ઓળખી રહ્યાં છે તો પછી અમે કેવી રીતે જીવિત રહી શકીએ તેમણે કહ્યું કે ખરાબ લોકો ખરાબ જ હોય છે મહાદેવથી લઈ સંધ્યા રોય જુન માલિયા સયાની સયંતિકા મિમી નુસરત નેપાલ સિંહ સંજીબ સિંહ પાર્ટી માટે સંપત્તિ બની દયા છે તો અમે આ પાર્ટીનો હિસ્સો રહી શકીએ નહીં

તેમણે કહ્યું કે જો આ નેતા પૈસા લુટી પાર્ટી માટે સંપત્તિ બની જાય છે તે અમે મંત્રી બની રહેવા માંગતા નથી લોકો કહી રહ્યાં છે કે આ કેબિનેટના તમામ મંત્રી ચોર છે પાર્ટી તે ચોરોનું જ સાંભળે છે અમારે નવો માર્ગ શોધવો પડશે અમારે તેની વિરૂધ્ધ એક આંદોલન ઉભુ કરવું પડશે મહંતોની વિવાદાસ્પદ ટીપ્પણી બંગાળના મંત્રી પાર્થ ચેટર્જી અને ટીએમસીના મજબુત નેતા અનુબ્રત મંડલની સીબીઆઇ દ્વારા ધરપકડ બાદ ચાલી રહેલ વિવાદની વચ્ચે સામે આવી છે ટીએમસી દ્વારા શ્રીકાંત મહતોને કારણ બતાવો નોટીસ આપવામાં આવી છે.

## ભાજપે ૩૩ હજાર કરોડથી મહારાષ્ટ્ર, એક લાખથી કર્ણાટક, મણિપુરમાં ફકત બે બેઠકથી સરકાર બનાવી લીધી : પપ્પુ યાદવ

પટણા,તા.૨૯

બિહારમાં ભાજપ જદયુની સરકાર તુટી ગયા બાદ નીતીશકુમારના નેતૃત્વમાં રાજદ જદયુ સરકાર બન્યા બાદ રાજદના અનેક નેતાઓના નિવાસ પર સીબીઆઇ અને ઈડીના દરોડાને લઇ વિરોધ પક્ષના નેતાઓ દ્વારા કેન્દ્ર સરકારની સામે ભારે ગુસ્સો જાહેર કરી રહ્યાં છે તેમનું કહેવુ છે કે જયાં ભાજપની સરકાર નથી ત્યાં તે સીબીઆઇ અને ઇડીને મોકલી વિપક્ષી નેતાઓને પરેશાન કરવા લાગે છે.જન અધિકાર પાર્ટીના અધ્યક્ષ અને પૂર્વ સાંસદ પપ્પુ યાદવે કેન્દ્ર સરકારને ચેતવણી આપી છે કે હવે બિહારના લોકો ચુપ રહેશે નહીં

પૂર્વ સાંસદ પપ્પુ યાદવે ભાજપ પર જોરદાર પ્રહાર કરતા કહ્યું કે ૩૩ હજાર કરોડ રૂપિયાથી તમે મહારાષ્ટ્ર સરકાર બદલી,એક લાખ કરોડ રૂપિયાથી તમે કર્ણાટક સરકાર તોડી દીધી,૬૮ હજાર કરોડથી તમે મધ્યપ્રદેશ સરકાર તોડી ગોવામાં તમે ૩૦ હજાર કરોડમાં કોંગ્રેસની સરકાર ખરીદી લીધી મણિપુરમાં માત્ર બે બેઠક પર તમારા એમએલએ છે અને સરકાર બનાવી લીધી શું આ ડેમોક્રેસી છે તેમણે કહ્યું કે શું વિચારો છે તમે એક એક બિહારી બદલો લેશે અમે ખોટી વસ્તુના પક્ષમાં ન થી હું નીતીશકુમારજીને કહેવા માંગુ છું બિહાર હંમેશા મજબુત રહે છે હંમેશા પડકાર સ્વીકારે છે ભાજપના જેટલા મંત્રી અને તે ફાઇલ ચોરીની છે આર્થિક અપરાધ દ્વારા જેલમાં બંધ કરો સમયે આવી ગયો છે કે ચુપ નહી બેસી આરપાર લડાઈનો આ બધાને જેલમાં ધકેલી દેવાનો સમય છે.

પપ્પુ યાદવે કહ્યું કે જો આજે પણ નીતીશકુમાર ચુપ બેસી રહેશે તો નીતીશકુમારજી તમારી સરકારને અને તમારા લોકોને બિહારની જનતા કયારેય માફ કરશે નહીં તમે હિંમ્મત બતાવો અને જેટલા લોકોએ જનધન યોજના અને અન્ય યોજનાથી આર્થિક કૌભાંડ કર્યું છે બિહારના મંત્રી અને ધારાસભ્યો પર આર્થિક અપરાધ બેસાડી કાર્યવાહી કરો

તેમણે કહ્યું કે જો આજે વગર પોલીસે તેઓ રેડ કરી રહ્યાં છે સીઆરપીએફના કારણે અને એકમાં પણ બિહાર પોલીસ નહીં બધાને અલગ કરી દેવામાં આવ્યા તો તમે પણ બિહાર પોલીસ અને બીએમપી દ્વારા આ ચોરોના ઘરોમાં રેડ કરી તેમને જેલ પહોંચાડી દો

## ૨૦૨૧માં દેશમાં સૌથી વધુ લોકોએ આત્મહત્યા કરી

નવીદિલ્હી,તા.૨૯

દેશમાં આત્મહત્યા દ્વારા મૃત્યુના જે આંકડા સામે આવ્યા છે, તે ખૂબ જ ચોંકાવનારા છે. એનસીઆરબીના નવા રેકોર્ડ મુજબ, વર્ષ ૨૦૨૧માં દર ૧૦ લાખ લોકો પર ૧૨૦ લોકોએ આત્મહત્યા કરી હતી, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૬.૧ ટકા વધી હતી. મૃત્યુના આ કેસ પાછલા તમામ વર્ષોમાં સૌથી વધુ છે.આ કેસોમાં સૌથી વધુ વધારો વિદ્યાર્થીઓ અને નાના ઉદ્યોગસાહસિકોમાં જોવા મળ્યો હતો, જે રિપોર્ટની ૨૦૨૦ આવૃત્તિમાં પણ જોવા મળ્યો હતો. આ તારણો ભારતમાં અકસ્માત મૃત્યુ અને આત્મહત્યા (અને ભારતમાં અપરાધ પરના ૨૦૨૧ના અહેવાલમાંથી છે. બંનેને કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ એનસીઆરબી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

ડેટા દર્શાવે છે કે, ૨૦૨૧ માં કુલ ૧૬૪,૦૩૩ લોકો આત્મહત્યાને કારણે મૃત્યુ પામ્યા હતા, જે ૨૦૨૦ કરતા ૭.૨ ટકા વધુ છે. આવા સમયે, વર્ષ ૨૦૨૦ માં ૧૫૩,૦૫૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આવા સમયે, ૨૦૧૯ માં આ આંકડો લગભગ ૧૩૯,૦૦૦ હતો. આ ઉપરાંત ૧૦ લાખની વસ્તી દીઠ ૧૨૦ મૃત્યુ થયા હતા. ૨૦૨૧માં પણ ૧૯૬૭માં જેમ આત્મહત્યાના મૃત્યુનો સૌથી વધુ દર જોવા મળ્યો હતો.

દેશમાં આત્મહત્યાનો બીજો સૌથી વધુ દર ૨૦૧૦માં નોંધાયો હતો, જ્યારે પ્રતિ મિલિયન વસ્તીએ ૧૧૩ મૃત્યુ હતા. ડેટા એ પણ દર્શાવે છે કે, સૌથી ઓછી આવક ધરાવતા જૂથો (દર વર્ષે ૧ લાખથી ઓછી કમાણી કરતા લોકો) આત્મહત્યાના મૃત્યુમાં લગભગ બે તૃતીયાંશ હિસ્સો ધરાવે છે અને તે સૌથી વધુ છે.

## તંત્રી સ્થાનેથી...

# રખડતાં ઢોરની વર્ષોજૂની પણ વણઉકલી સમસ્યા

પાછલા ઘણા સમયથી એવી પણ ઘટનાઓ સામે આવી છે કે જેમાં રખડતાં ઢોરોએ જાહેરસ્થળોએ નાગરિકોને અડફેટે લીધા હોય, જેમાં કેટલાક કિસ્સાઓમાં ભારે ઈજા અને જાનહાનિ થવાના પણ સમાચાર મળ્યા કરે છે. અહીં પ્રશ્ન એ છે કે કોર્ટ, સરકાર અને સમાજના વારંવારના પ્રયાસો છતાં કેમ 'રખડતાં ઢોર'ની સમસ્યા પર અંકુશ લાદી શકાતો નથી? તા.૧૩મી ઑગસ્ટ ૨૦૨૨ના રોજ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના કડી ખાતે રાજ્યના પૂર્વ ઉપમુખ્ય મંત્રી નીતિન પટેલને 'રખડતાં ઢોરે' ઢીંક મારી હતી, જેના કારણે તેમને સારવાર હેઠળ ખસેડવા પડયા હતા. તે સમયે પણ 'રખડતાં ઢોર'નો મુદ્દો ખૂબ ચર્ચાયો હતો. પછી ગુજરાત હાઈકોર્ટે રાજ્યમાં 'રખડતાં ઢોરો'ની સમસ્યાને લઈને ગુજરાત સરકારની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે અમદાવાદમાં રખડતાં ઢોરોની સમસ્યાની તીવ્રતા ચકાસવા માટેનું કામ લીગલ સર્વિસ ઑથૉરિટીને સોંપ્યું હતું. જેના રિપોર્ટમાં ઑથૉરિટીએ જણાવ્યું હતું કે હાલમાં અમદાવાદમાં જ કોઈ એવો રસ્તો બાકી નથી, જ્યાં ઢોર રખડતાં ન મળી આવ્યાં હોય. ઑથૉરિટીનો આ રિપોર્ટ રાજ્યમાં રખડતાં ઢોરની સમસ્યા કેટલી વિકરાળ બની ગઈ છે તે જણાવે છે. પાછલા કેટલાક સમયથી આ સમસ્યા છાપાંની હેડલાઈનોમાં પણ જોવા મળી રહી છે. શહેરી વિસ્તારોમાં ઢોરનિયંત્રણની કામગીરી થાય છે, પરંતુ અહીં પ્રશ્ન એવો છે કે મોટા ભાગના પશુપાલકો પાસે પોતાની પાસેનાં ઢોર રાખવા માટે પૂરતી જગ્યા નથી અને જો જગ્યા હોય તો કોઈક કારણોસર તેમની પાસે તે ઢોર રાખવા માટે પરમિટ નથી હોતી. આના કારણે વધારાનાં ઢોર રસ્તે ફરતાં જોવા મળે છે. ગુજરાતમાં પશુપાલકો માટે પોતાનાં ઢોરનું ટૅગિંગ કરાવવું ફરજિયાત હોવા છતાં, કડક કાયદાના અભાવે ઘણા એવું કરાવતા નથી. જેથી જવાબદાર પશુપાલકો સામે પગલાં ભરવાનું મુશ્કેલ થઈ પડે છે. હાલમાં લવાયેલ નવા ઢોરનિયંત્રણ કાયદાનો અમલ મુલતવી રખાયો છે, જે કારણે આપણી પાસે અત્યાર આ સમસ્યાના અંકુશ માટે કોઈ કડક કાયદો નથી. રખડતાં ઢોરની સમસ્યા માટે ઘણી વખત જાહેર જનતાની જીવદયાની ભાવના પણ કારણભૂત બને છે, કારણ કે આપણે ત્યાં જીવદયાને બીજાં બધાં માપદંડો કરતાં ઉપર રાખવામાં આવે છે અને રખડતાં ઢોરની સમસ્યા વણઉકેલી રહી જાય છે. રાજ્ય સરકારે પાંજરાપોળમાં પશુપાલકો પોતાનાં ઢોરોને રાખી શકે તે માટે મંજૂરી આપી છે. આ સિવાય વધુ પાંજરાપોળ પણ બાંધવામાં આવશે. જેના માટે સરકારે દસ કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરાઈ છે. રાજયની આઠ મહાનગરપાલિકાઓ અને ૧૫૬ નગરપાલિકા અને સ્થાનિક તંત્ર દ્વારા ઢોરનિયંત્રણના પગલાં લેવાનું ચાલુ રાખવામાં આવશે. આ સિવાય સરકાર તમામ પાંજરાપોળમાં પાણી અને ઘાસચારાની વ્યવસ્થા કરવાની જવાબદારી પણ ઉઠાવશે.

# પર્યુષણ પર્વનિમિત્તે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે પ્રેરક ઉપસ્થિતી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદનાં નવરંગપુરા વિસ્તારના દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે ઉપસ્થિત રહીને જૈન સંપ્રદાયને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી.મુખ્યમંત્રીશ્રીએ દેરાસરમાં કરાયેલા ભગવાનના આંગી શણગારને નિહાળ્યો હતો તેમજ અત્યંત ભક્તિ ભાવ પૂર્વક દર્શન કર્યાં હતાં. ત્યારબાદ તેઓએ મહારાજ સાહેબનાં આશીર્વાદ લઈને ઉપસ્થિત સૌને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી શ્રી એ ભગવાનના સુંદર આંગી શણગારને બિરદાવ્યો હતો. આ પ્રસંગે જૈન શ્રેષ્ઠીઓ અગ્રણીઓ સ્થાનિક નાગરિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા

# ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અમદાવાદ એરપોર્ટ પરથી અપાઈ માનભેર વિદાય

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને સાંસદ શ્રી સી આર પાટીલ તથા પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને માનભેર વિદાય આપી

વતન ગુજરાતને કરોડો રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દિલ્હી જવા રવાના થયા છે. બે દિવસીય મુલાકાતે આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વિવિધ કાર્યક્રમો સંપન્ન કર્યા બાદ આજે મોડી સાંજે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. જ્યાંથી તેઓ ખાસ વિમાનમાં બેસી દિલ્હી જવા રવાના થયા છે.

આ પ્રસંગે અમદાવાદ એરપોર્ટ પર રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, સાંસદ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ તેમજ પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવશ્રી પંકજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કૈલાસનાથન, પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા, શહેરના મેયર શ્રી કિરીટ પરમાર, કલેકટર શ્રી સંદિપ સાગલે સહિતના વરિષ્ઠ અધિકારીઓએ તેમને માનભેર વિદાય આપી હતી.

# રાફેલ પર ફરીથી તપાસ નહીં થાય : સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી

નવીદિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે રાફેલ મામલામાં પુનઃ તપાસની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે. અરજીમાં તે રિપોર્ટના આધારે પુનઃ તપાસની માંગ કરવામાં આવી હતી જેમાં ફ્રાન્સના કેટલાક ન્યૂઝ પોર્ટલ પર દાસોલ્ટ એવિએશન દ્વારા આ મામલે ભારતીય મધ્યસ્થીઓને લાંચ આપવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વાસ્તવમાં, વરિષ્ઠ વકીલ એમએલ શર્મા દ્વારા જાહેર હિતની અરજીમાં, ફ્રાન્સની ન્યૂઝ વેબસાઈટ પર પ્રકાશિત થયેલા કેટલાક અહેવાલોના આધારે રાફેલ કેસની ફરીથી તપાસની માંગ કરવામાં આવી હતી. ન્યૂઝ પોર્ટલમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ડસોલ્ટ એવિએશને રાફેલ ડીલમાં ભારતીય વચેટિયાને મોટી રકમ આપી હતી.

# લઘુકથા.. જીવનયાત્રા બહુ ટૂંકી છે.

કબીર ગર્વ ન કીજીએ ઉંચા દેખ આવાસ,કાલ પરો ભુઈ લેટના તો ભી દેખી ગાઙ..ચામડાના આવરણથી લપેટેલા અસ્થિ પિંજરરૂપી શરીરનું અભિમાન ના કરો,ઉત્તમ ઘોડાની સવારી તથા રાજયછત્રની નીચે ગાદી ઉપર ભલે બેઠા હો પણ એક દિવસ લોકો ભૂમિમાં દફનાવી દેશે.જીવનયાત્રા ઘણી ટૂંકી છે.

એક વૃદ્ધ મહિલા બસમાં મુસાફરી કરી રહી હતી.આગલા સ્ટેશનેથી એક મજબૂત અને ક્રોધી યુવતી બસમાં ચડે છે અને વૃદ્ધ મહિલાની બાજુમાં આવીને બેસી જાય છે.તે ક્રોધી યુવતીએ પોતાની બેગથી વૃદ્ધ મહિલાને એક બે વાર નુકશાન પણ પહોચાડ્યું તેમ છતાં તે મહિલાને ચૂપ જોઈને યુવતીએ પુછ્યું કે મેં જાણી જોઈને એક બે વાર તમોને બેગ મારી છતાં તમે કોઈ ફરીયાદ કેમ ના કરી? ત્યારે વૃદ્ધ મહિલા હસીને જવાબ આપે છે કે આટલી નાની વાતની ચર્ચા કરવી મને આવશ્યક લાગતી નથી કારણ કે તમારી સાથેની મારી યાત્રા ઘણી ટૂંકી છે મારે આગલા સ્ટેશને ઉતરી જવાનું છે.

વૃદ્ધ મહિલાના આ શબ્દો સોનેરી અક્ષરે લખી લેવા યોગ્ય છે. "આટલી નાની વાતની ચર્ચા કરવી મને આવશ્યક નથી લાગતી કારણ કે તમારી સાથેની મારી યાત્રા ઘણી ટૂંકી છે." અમારે એ સમજવાની જરૂર છે કે આ દુનિયામાં આવ્યા પછી અમોને જે સમય મળ્યો છે એ એટલો ઓછો છે કે તેને બિનજરૂરી તર્કો, ઈર્ષ્યા, બીજાને ક્ષમા ન કરવી,અસંતોષ રાખવો અને લોકો સાથે ખરાબ વ્યવહાર કરવામાં બરબાદ ન કરવો જોઈએ.શું કોઈએ આપનું દિલ તોડ્યું છે? અપશબ્દો બોલ્યા છે? શાંત રહો.કોઈએ તમારી સાથે દગો કર્યો છે, ધમકાવ્યા છે તો પણ તનાવમાં ના આવો.શું કોઈએ કારણ વગર આપનું અપમાન કર્યું છે? શાંત રહો.તેને નજર અંદાજ કરો કેમકે જીવનયાત્રા બહુ ટૂંકી છે.

તમારા પડોશીએ તમારા વિશે ખરી-ખોટી ટિપ્પણી કરી છે જે તમોને પસંદ નથી? છતાં શાંત રહો, તેના તરફ ધ્યાન ના આપો તેને માફ કરી દો..કોઈએ તમોને મન-વચનથી દુઃખ પહોચાડ્યું છે તેને મનમાં ના લો કેમકે તેમની સાથે તમારી યાત્રા ઘણી ટૂંકી છે.

અમારી જીવનયાત્રા ક્યાં સુધી ચાલશે તેની કોઈને ખબર નથી.કોઈ જાણતું નથી કે મૃત્યુનો સંદેશ ક્યારે આવશે.અમારી સ્વજનો-મિત્રો સાથેની યાત્રા ઘણી ટૂંકી છે એમ સમજી મન શાંત રાખો.

ઉચ્ચ વિચાર,શુભ કર્મ અને કપટ રહિત વ્યવહાર ચરીત્ર નિર્માણનો મૂળ આધાર છે અને તેની પ્રગતિના માટે સત્સંગ ખૂબ જ જરૂરી છે.જે વ્યક્તિ પોતાના વ્યવહારથી કે પોતાની વાણીની કડવાશથી બીજાનું દિલ દુભાવે છે તેના જીવનમાં અંધકાર ભરાઈ જાય છે.જેનામાં અભિમાન છે,અહંકાર છે તેને મહાન માનવામાં આવતા નથી.મહાન તે છે કે જેનામાં દાસ ભાવના છે,વિનમ્રતા છે,જેના હૃદયમાં મિઠાસ છે,જેને શુધ્ધ વ્યવહાર કર્યો છે.સદભાવના હશે તો જ સદવ્યવહાર થશે.બાળપણથી દયા ધર્મ કૂળ અને વ્યવહારને સુધારવો જોઈએ નહિતર મોટા થયા પછી તે કઠણ થઈ પડે છે.જીવનના દરેક પ્રસંગોએ વિનયપૂર્વક વ્યવહાર કરવો.ધન મોટાઈ આદર સત્કાર વગેરેની પ્રાપ્તિમાં કોઈ ગમે તેવાં વિઘ્ન પેદા કરે,શરીર મન બુદ્ધિ ઈન્દ્રિયો અને સિદ્ધાંતને પ્રતિકૂળ કોઈ ગમે તેવો વ્યવહાર કરે,ઈષ્ટની પ્રાપ્તિમાં વિઘ્ન નાખે,કોઈપણ પ્રકારની આર્થિક અને શારીરિક હાની પહોચાડે પરંતુ ભક્તના હૃદયમાં તેના પ્રત્યે ક્યારેય સહેજપણ દ્વેષ થતો નથી કારણ કે તે પ્રાણીમાત્રમાં એક પ્રભુ પરમાત્માને જ વ્યાપક દેખે છે.ભક્તના અંતઃકરણમાં પ્રાણીમાત્ર સાથે મૈત્રી તથા દયાનો વ્યવહાર હોય છે.તે બીજા માટે જે કંઈ કરે છે તે કર્તવ્ય તરીકે નહી પરંતુ સ્નેહથી કરે છે. પોતાનું અનિષ્ટ કરવાવાળા પ્રત્યે પણ ભક્ત મિત્રતાનો વ્યવહાર કરે છે.ભક્ત માને છે કે મારૂં અનિષ્ટ કરવાવાળો અનિષ્ટમાં નિમિત્ત બનીને મારા પૂર્વમાં કરેલા પાપકર્મોનો નાશ કરી રહ્યા છે તેથી તે વિશેષરૂપે આદરને પાત્ર છે.જેને સત્ય બ્રહ્મની પ્રાપ્તિ કરી છે તેવા સંતોની સાથે દુર્જનો યુગોથી વૈર કરતા આવ્યા છે.સંસારના લોકોના કાર્યો આશ્ચર્યજનક છે કેમકે તે અવતારો,પીરોનો તેમના જીવનકાળ દરમ્યાન સન્માન કરતા નથી પરંતુ તેમના દેહાંત બાદ તેમની પૂજા કરે છે.વર્તમાન સમયમાં પણ મુર્ખ લોકો પોતાની જીદના કારણે વર્તમાન સમયના સંતોના જીવનમાંથી કંઈ જ ન શીખતાં કુમાર્ગ ઉપર ચાલી રહ્યા છે.સંતો પાસેથી બ્રહ્માનુભૂતિનો લાભ ઉઠાવવાના બદલે તેમની સાથે વેર



કરી રહ્યા છે.સંતો ક્યારેય દુર્જનોની સાથે વૈરભાવ રાખતા નથી,તે તો તેમને પોતાનું જ સ્વરૂપ માનીને પ્રેમપૂર્વક વ્યવહાર કરે છે.બ્રહ્મજ્ઞાની સંત મહાત્માઓને ઈશ્વરનો સાક્ષાત્કાર થયેલો હોય છે તેથી તમામ પ્રાણીમાત્રમાં ઈશ્વરનાં દર્શન કરીને તમામની સાથે સમ-વ્યવહાર કરે છે.જગતમાં કેવો વ્યવહાર અને વર્તન રાખવાં તેની કોઈને સમજણ પડતી નથી.જગત આપણા માટે શું બોલે છે? તે સાંભળવાની જરૂર નથી અને જો સાંભળીશું તો આપણું મન અશાંત થશે.જગતને રાજી રાખવું કઠણ છે પરંતુ પરમાત્માને પ્રસન્ન કરવા એટલા કઠણ નથી. વ્યવહારમાં સામાન્ય ભૂલ થાય તો સજા થાય છે પણ પરમાર્થમાં કદાચ મોટી ભૂલ થાય તો પણ પ્રભુ ક્ષમા કરે છે.પરમાર્થ સહેલો છે,વ્યવહાર કઠણ છે.

કોઈની પણ સાથે કપટપૂર્ણ વ્યવહાર ન કરવો અને કોઈની પણ આજીવિકાને નુકશાન ન પહોચાડવું તથા ક્યારેય કોઈના પણ વિશે મનમાં અહિત ન વિચારવું.સત્ય એ જ સૌથી મોટો ધર્મ છે અને અસત્ય એ જ સૌથી મોટું પાપ છે એટલે મન-વચન અને કર્મથી હંમેશાં સત્ય વ્યવહાર કરવો જોઈએ.ઈશ્વર સર્વમાં છે એમ જાણીને તમામ સાથે વ્યવહાર કરીશું તો આપણો વ્યવહાર જ ભક્તિ બની જશે.આજે મનુષ્ય એક બાજુ ભક્તિ કરે અને બીજી બાજુ પાપ કરે,દંભ અને કપટ કરે છે તેથી ભક્તિમાં આનંદ આવતો નથી. વ્યવહારની શુદ્ધિ "ઈશ્વર સર્વમાં છે" એનો અનુભવ કર્યા વગર થતી નથી. "હું જે કંઈ કર્મ કરૂં છું તેનો સાક્ષી પરમાત્મા છે તે બધું જુવે છે" એમ વિચારીને તમામ સાથે વ્યવહાર અને કર્તવ્ય કર્મો કરવાના છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા.શહેરા (પંચમહાલ)
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# કોટનના વાયદાઓમાં ગાંસડીદીઠ રૂ.૧૮૦થી રૂ.૫૬૦ની રેન્જમાં કડાકો

સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૭૬ અને ચાંદીમાં રૂ.૮૧૧ની નરમાઈઃ ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૭૧ વધ્યોઃ નેચરલ ગેસ, મેન્થા તેલમાં પણ સુધારાનો માહોલઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૯૬૫૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૭૧૩૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૩૨ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૯૧,૧૩૧ સોદાઓમાં કુલ રૂ.૧૬,૮૨૪.૫૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૯૬૫૬.૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૭૧૩૬.૧૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૭,૨૪૨ સોદાઓમાં કુલ રૂ.૫,૭૫૩.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૧૦૦ અને નીચામાં રૂ.૫૦,૮૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૬ ઘટી રૂ.૫૦,૯૬૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૮૨ ઘટી રૂ.૪૧,૨૩૦ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૬ ઘટી રૂ.૫,૦૭૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૦૯૨ના ભાવે ખૂલી, રૂ.૨૭૫ ઘટી રૂ.૫૦,૯૬૭ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૪,૨૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪,૨૩૦ અને નીચામાં રૂ.૫૩,૬૪૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૮૧૧ ઘટી રૂ.૫૩,૯૬૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ. ૭૧૨ ઘટી રૂ.૫૪,૪૫૨ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૭૬૭ ઘટી રૂ.૫૪,૬૩૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬,૦૧૧ સોદાઓમાં રૂ.૧,૧૫૧.૯૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૫ વધી રૂ.૨૧૪.૯૦ અને જસત ઓગસ્ટ વાયદો રૂ.૨.૯૦ ઘટી રૂ.૩૧૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૩.૩૫ ઘટી રૂ.૬૬૧.૧૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૮,૧૩૭ સોદાઓમાં કુલ રૂ.૨,૭૨૮.૧૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૪૬૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૫૬૬ અને નીચામાં રૂ.૭,૪૫૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૭૧ વધી રૂ.૭,૪૮૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯૦ વધી રૂ.૭૪૭.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૭૬ સોદાઓમાં રૂ.૨૩.૩૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓગસ્ટ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૮,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૮૦૦ અને નીચામાં રૂ.૪૮,૪૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૯૦ ઘટી રૂ.૪૮,૪૩૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૩૦ વધી રૂ.૯૬૫ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૩૮.૦૯ કરોડનાં ૪,૦૦૧.૩૮૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૭૧૫.૪૧ કરોડનાં ૬૭૯.૫૮૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૦૯૦.૪૧ કરોડનાં ૧૪,૫૦,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૬૩૮ કરોડનાં ૨૧૬૪૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૮.૬૦ કરોડનાં ૪૬૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૭૭ કરોડનાં ૪૮.૯૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૭૫૭.૮૮૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૨૪૪.૫૫૩ ટન, ક્રૂડ તેલમાં ૪૮૫૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૭૧૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૪૦૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૭૦૭.૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૧.૫૦ કરોડનાં ૪૫૨ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૯૪૪ના સ્તરે ખૂલી, ૧૨૩ પોઈન્ટ ઘટી ૧૩,૯૪૦ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૧૩૬.૧૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૪૭.૮૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૪.૬૦ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૬૮૧.૫૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૨૦.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૩૧.૨૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૯.૮૦ અને નીચામાં રૂ.૩૧૮.૮૦ રહી, અંતે રૂ.૨૭.૪૦ વધી રૂ.૩૩૫.૧૦ થયો હતો. જ્યારે સોનું સપ્ટેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૦ અને નીચામાં રૂ.૨૬૫ રહી, અંતે રૂ.૭૫.૫૦ ઘટી રૂ.૨૮૭ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૫.૩૦ અને નીચામાં રૂ.૪૭.૪૦ રહી, અંતે રૂ.૧.૫૦ વધી રૂ.૪૯.૦૫ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૬૫ અને નીચામાં રૂ.૭૦૦ રહી, અંતે રૂ.૧૭૪.૫૦ ઘટી રૂ.૭૪૪ થયો હતો.

સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૬ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૬ અને નીચામાં રૂ.૨૬૦ રહી, અંતે રૂ.૬૦.૫૦ ઘટી રૂ.૩૩૨.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૨.૯૦ અને નીચામાં રૂ.૩૦૬ રહી, અંતે રૂ.૪૪ ઘટી રૂ.૩૫૧.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૭૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬૪ ખૂલી, ઊપરમાં રૂ.૭૨.૧૫ અને નીચામાં રૂ.૬૧ રહી, અંતે રૂ.૧.૩૫ ઘટી રૂ.૭૦.૧૦ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૮.૫૦ અને નીચામાં રૂ.૯૯ રહી, અંતે રૂ.૨૯ વધી રૂ.૧૧૭.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨,૫૬૯.૫૦ અને નીચામાં રૂ.૨,૦૦૦ રહી, અંતે રૂ.૫૨૫.૫૦ વધી રૂ.૨,૩૨૦.૫૦ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૭૫ અને નીચામાં રૂ.૫૬૦ રહી, અંતે રૂ.૧૭૭.૫૦ વધી રૂ.૬૫૯.૫૦ થયો હતો.

### સુપરટેક ટ્વીન ટાવર ધ્વસ્ત થયા બાદ સ્વાસ્થ્ય પર અસર

# લોકોની આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ ઉભી થઈ રહી હોવાની ફરિયાદ

નોઈડા,તા.૨૯

ગઈકાલે સેક્ટર ૯૩છમાં આવેલા ટ્વીન ટાવરને જમીનદોસ્ત કરી દીધાં છે. ત્યારે હવે ૨૪ કલાક પછી લોકોના સ્વાસ્થ્ય પર તેની અસર જોવા મળી રહી છે. ત્યાં આસપાસ રહેતા લોકોની આંખોમાં બળતરા થઈ રહી છે તો ઘણાં લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. સુપરટેક એમરલ્ડ કોર્ટમાં આરડબ્લ્યુએની ટાસ્ક ફોર્સના ચેરમેન ગૌરવે જણાવ્યુ હતુ કે, મોડી રાતે ૧૨ વાગ્યાની આસપાસ લોકોને તકલીફ થતા તેમણે પોતાના ઘર છોડ્યાં હતા. રાતે ધુમાળાની અસર હતી. તેનાથી આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. આ સાથે જ તેમણે જણાવ્યુ હતુ કે, અત્યારે તો તેમણે દવા લઈ લીધી છે અને હવે સોમવારે બપોરે ફરીથી ઘરે પરત ફરશે. તો બીજી તરફ, ટ્વીન ટાવરની આસપાસના રસ્તા અને ગાર્ડનમાં ખાસ્સી ધૂળ જામેલી જોવા મળી હતી. ત્યારે દમરોગીઓને આ કારણોસર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત ત્યાં ફરતા લોકો પણ માસ્ક સાથે જોવા મળ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સુપરટેક એમરાલ્ડ કોર્ટ હાઉસિંગ સોસાયટીમાં બનેલા ટ્વીન ટાવરને રવિવારે બપોરે જમીનદોસ્ત કરી દેવામાં આવ્યાં છે. ટ્વીન ટાવરને ધ્વસ્ત કરતા પહેલાં એમરાલ્ડ કોર્ટ અને એટીએસ વિલેજ સોસાયટીના ૫૦૦૦થી વધુ લોકોને ત્યાંથી સુરક્ષિત સ્થળે ખસેડી દેવાયા હતા. જેમાંથી ૧૦૦ પરિવારો રવિવારે રાતે પોતપોતાના ઘરે પરત ફર્યા હતા. આ દરમિયાન ટ્વીન ટાવરને પાડ્યાના કલાકો પછી પણ લોકો ત્યાં ભેગા થઈને કાટમાળના ફોટા લેતા જોવા મળ્યા હતા.

બ્લૂસ્ટોનના રહેવાસી અને આરડબ્લ્યૂએની સદસ્ય આરતી કોપ્પુલાએ આ મામલે કહ્યુ હતુ કે, સુપરટેકના ચાર ટાવરમાં હજુ સુધી ગેસ પુરવઠો રાબેતા મુજબ ચાલુ કરવામાં આવ્યો નથી. અમે રાતે નવ વાગ્યે ઘરે પરત ફર્યા હતા અને



અમારા મકાનોમાં કોઈ નુકસાન નથી થયું. અમારા મકાનોમાંથી માત્ર દુર્ગંધ આવી રહી છે. તે કદાચ વિસ્ફોટકોને કારણે આવતી હોય તેવું લાગી રહ્યું છે. હાલ તો ગેસ પુરવઠો રાબેતા મુજબ ચાલુ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. બાકી તો બધું ઠીક છે.'ટાવર ધ્વસ્ત થયા બાદ પ્રદૂષણ અને અન્ય કેટલીક તકલીફો પડે તેવી શક્યતાઓને ધ્યાને રાખી કટોકટીની પરિસ્થિતિ ન સર્જાય અને સમયસર નાગરિકોને મદદ મળી રહે તે માટે ૨૮ ઓગસ્ટ સવારે ૬ વાગ્યાથી ૩૦ ઓગસ્ટ સુધી ચોવીસ કલાકના સંચાલન સાથે કંટ્રોલ રૂમની શરૂઆત કરવામાં આવી છે. સામાન્ય નાગરિકને કોઈપણ તકલીફ થાય તો તે ૦૧૨૦-૨૪૨૫૩૦૧, ૦૧૨૦-૨૪૨૫૩૦૨, ૦૧૨૦-૨૪૨૫૦૨૫ આ ફોન નંબર પર ફોન કરી કંટ્રોલ રૂમમાં જાણ કરી શકશે

# ગાંધીનગર ખાતે તા. ૧ અને ૨ સપ્ટેમ્બરના રોજ માત્ર મહિલાઓ માટે રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગરઃ સોમવારઃ

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી – મોડલ કેરિયર સેન્ટર દ્વારા ગાંધીનગર ખાતે તા. ૧ અને ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ માત્ર મહિલાઓ માટે ખાસ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, સેકટર-૨૩ ખાતે અને તા. ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેકટર-૭ ખાતે માત્ર મહિલાઓ માટે રોજગાર ભરતીમેળો યોજાશે. આ મેળામાં મહિલાઓને સ્વરોજગાર લક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવશે. તેમજ ભરતી મેળામાં ધોરણ- ૧૦, ૧૨ પાસ, ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ સુધી અભ્યાસ કરેલ મહિલાઓ આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. આ બન્ને ભરતી મેળા સવારના ૧૦.૦૦ કલાકે યોજાશે. આ બન્ને ભરતી મેળામાં મહિલાઓને સહભાગી થવા માટે રોજગાર અધિકારીશ્રીએ જણાવ્યુંછે.

# મારુતિ-સુઝુકી ૪૦ વર્ષ ઉજવણી- મહાત્મા મંદિર, ગાંધીનગર

## ઈલેક્ટ્રોનિક વ્હિકલ-ઈફનો વધતો વ્યાપ એ દેશમાં ઑટો મોબાઈલક્ષેત્રે સાયલન્ટ રિવોલ્યુશન-મૌન ક્રાન્તિની શરૂઆત છે : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

મારુતિ-સુઝુકી કંપનીના ભારતમાં ૪૦ વર્ષ થવાના પ્રસંગે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, ભારત અને સુઝુકીના પારિવારિક સંબંધો હવે ૪૦ વર્ષથી પણ વધુ જૂના અને મજબૂત બન્યા છે. તેમણે કહ્યું કે, મારુતિ-સુઝુકીની સફળતા પણ ભારત અને જાપાનની મજબૂત ભાગીદારી દર્શાવે છે. તેમણે દેશમાં વધી રહેલા ઈલેક્ટ્રોનિક વ્હિકલ-ઈફના વધતા વ્યાપને દેશના ઑટો મોબાઈલક્ષેત્રે સાયલન્ટ રિવોલ્યુશન-મૌન ક્રાન્તિની શરૂઆત ગણાવી હતી.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીના હસ્તે ગુજરાતના હાંસલપુર ખાતે રૂ.૭૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર સુઝુકીના ઈલેક્ટ્રીક વ્હિકલ બેટરી ઉત્પાદન પ્લાન્ટનું ખાતમૂહુર્ત તથા હરિયાણા ખારખોડા ખાતેના મારૂતિ સુઝુકીના વ્હિકલ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી પ્લાન્ટનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યુ હતુ.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, છેલ્લાં આઠ વર્ષમાં બંને દેશો વચ્ચેના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે. આ સાથે જ આજે શરૂ થઈ રહેલા બે નવા પ્રકલ્પોની સાથે સુઝુકી માટે પણ ભારતમાં ઉજ્જવળ ભાવી સંભાવનાઓની તકો રહેલી હોવાનો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.તેમણે ઉમેર્યું કે, આજે ગુજરાત-મહારાષ્ટ્રમાં બુલેટ ટ્રેનથી લઈને યુપીના બનારસમાં રુદ્રાક્ષ કેન્દ્ર સુધીના વિકાસના અનેક પ્રોજેક્ટ ભારત-જાપાન મિત્રતાના ઉદાહરણ છે અને જ્યારે આ મિત્રતાની વાત આવે છે, ત્યારે દરેક ભારતીય ચોક્કસપણે અમારા મિત્ર, જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી શિન્ઝો આબેજીને યાદ કરે છે. જ્યારે આબેશાન ગુજરાત આવ્યા ત્યારે તેમણે અહીં વિતાવેલો સમય ગુજરાતના લોકો પ્રેમપૂર્વક યાદ કરે છે. આજે પીએમ શ્રી કિશિદા આપણા દેશોને નજીક લાવવા માટે કરેલા પ્રયાસોને આગળ વધારી રહ્યા છે.શ્રી મોદીએ કહ્યું કે, ગુજરાત અને જાપાન વચ્ચે જે સંબંધો રહ્યા છે તે રાજદ્વારી વર્તુળો કરતાં પણ ઊંચા રહ્યા છે. મને યાદ છે કે જ્યારે વર્ષ ૨૦૦૯માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારથી જાપાન ગુજરાત સાથે ભાગીદાર દેશ તરીકે સંકળાયેલું રહ્યું છે. આ બાબતની ખુશી વ્યક્ત કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ગુજરાતે સુઝુકી સાથેનું પોતાનું વચન પાળ્યું છે અને એ જ રીતે સુઝુકીએ પણ ગુજરાતની ઈચ્છાઓને સન્માન સાથે પુરી કરી છે. જેના પરિણામે ગુજરાત આજે વિશ્વમાં ટોચના ઓટોમોટિવ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી આવ્યું છે.વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, જાપાનના રોકાણકારોને ગુજરાતમાં રહીને પણ જાપાન જેવો અનુભવ થાય તે માટે ગુજરાતમાં મિની જાપાન બનાવવાના તેમના સંકલ્પને તેમણે યાદ કર્યો. આને સાકાર કરવા માટે અનેક નાની નાની બાબતોનો ખ્યાલ રાખીને અનેક પગલાં લેવામાં આવ્યા હતા. જેમાં જાપાનીઝ વાનગીઓ સાથે વિશ્વ-કક્ષાના અનેક ગોલ્ફ કોર્સ અને રેસ્ટોરન્ટ્સની રચના તેમજ જાપાનીઝ ભાષાનો પ્રચાર સહિતનાં ઉદાહરણોનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.તેમણે જણાવ્યું કે, અમારા પ્રયાસો હંમેશાં જાપાન માટે ગંભીરતા અને આદર ધરાવે છે. તેથી જ સુઝુકી સાથે લગભગ ૧૨૫ જેટલી અન્ય જાપાનીઝ કંપનીઓ આજે ગુજરાતમાં કાર્યરત છે. અમદાવાદમાં ત્નઈંઈં સંચાલિત સપોર્ટ સેન્ટર ઘણી કંપનીઓને પ્લગ-એન્ડ-પ્લેની સુવિધા પૂરી પાડે છે. જાપાન ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ફોર મેન્યુફેક્ચરિંગ ઘણા લોકોને તાલીમ આપી રહી છે. વડાપ્રધાનશ્રીએ અમદાવાદ ખાતેના ઝેન ગાર્ડનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જાપાન અને ભારતના સંબંધોને વધુ ગાઢ બનાવવાના ઉદાહરણરૂપ છે. તેમણે એમ પણ ઉમેર્યું કે નજીકના ભવિષ્યમાં આવો જ ગાર્ડન સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે વિકસાવવાનું પણ આયોજન છે. તેમણે ગુજરાતની વિકાસયાત્રામાં 'કાઈઝેન'ના યોગદાનની નોંધ લેતા કહ્યું કે વડાપ્રધાનપદ સંભાળીને દિલ્હી ગયા બાદ ત્યાં પણ કાઈઝેનના પાસાઓને ઈંઅને અન્ય વિભાગોમાં પણ લાગુ કરવામાં આવ્યા હતા.ઈલેક્ટ્રિક વાહનો વિશે વાત કરતા શ્રી મોદીએ કહ્યું કે ઈલેક્ટ્રિક વાહનોની એક મોટી વિશેષતા એ છે કે તે મૌન એટલે કે સાયલન્ટ હોય છે, પછી તે ૨ વ્હીલર હોય કે ૪ વ્હીલર હોય, તે અવાજ કરતાં નથી. આ સાયલન્ટ માત્ર તેના એન્જિનિયરિંગ વિશે નથી, પરંતુ તે દેશમાં એક સાયલન્ટ રિવોલ્યુશન એટલે કે મૌન ક્રાન્તિની પણ શરૂઆત છે. તેમણે કહ્યું હતું કે ઈફ ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે સરકાર દ્વારા છેલ્લાં આઠ વર્ષથી મજબૂત પાયો તૈયાર કરવામાં આવી રહ્યો હતો. આ પ્રયાસોના ભાગરૂપે ઈલેક્ટ્રિક વાહન ખરીદનારાઓને વિવિધ પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યા છે. સાથે સાથે આવકવેરામાં છૂટ અને લોન પ્રક્રિયાને સરળ બનાવવા જેવા અસંખ્ય પગલાં પણ સરકાર દ્વારા લેવામાં આવ્યા છે.ઓટોમોબાઈલ અને ઓટોમોબાઈલ ઘટકોના ઉત્પાદનમાં ઁ યોજનાઓ દાખલ કરવા માટે ઝડપી ગતિએ કામ હાથ ધરવામાં આવી રહ્યું છે તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે મજબૂત ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા માટે અનેક નીતિવિષયક નિર્ણયો પણ લેવામાં આવ્યા છે. ૨૦૨૨ ના નાણાકીય બજેટમાં બેટરી સ્વેપિંગની નીતિનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



## હાલમાં અમેરિકા ગયેલી પુત્રીના વિરહમાં લખાયેલી ગઝલ -

NOG SS No : 0078
પ્રકાર - પદ્ય (ગઝલ)
વિષય - પુત્રી વિરહ

હજી પણ પીરસીને એકદમ કેવો દઈ દઉં સાદ!
તને સહેજેય હું ભૂલું જ ક્યાં છું, કે કરું લે યાદ!
થશે સૌ સ્વપ્ન તારાં પૂર્ણ, મળશે શ્રેય આબાદ;
કવચ કુંડળ બની માબાપના સાથે છે આશીર્વાદ.
પ્રતીક્ષાની ઘડીઓ ખાસ્સી લંબાઈ ગઈ કારણ;
અમેરિકા હવે ગઈ દીકરી નહિ કાંઈ અમદાવાદ.
સવારે ઊઠતાંવેંત જ ને રાત્રે સૂતાં પહેલાં રોજ;
નજરનું ઓરડે તારા થતું ''તું ડોકિયું એકાદ.
ઊગે છે સૂર્ય, ચાંદો, તારલા લાગે છતાં એવું;
દિવસમાં સહેજ અંધારું ને રાત્રે ચાંદની થઈ બાદ.
ગયું ચોમાસું ને તડકો પડે થોડો ઘણો તો પણ;
મને તો ધૂંધળું લાગે બધું, ને લાગે, છે વરસાદ.
યશોદા - દેવકી મા પુત્ર કે પુત્રી વિરહ સરખો!
છે ઘર- ગોકુળ સૂનું 'શ્વેતા' કરે કોને કશી ફરિયાદ?

- શ્વેતા તલાટી

---

NOG SS No : 0112
પ્રકાર : પદ્ય
વિષય : વિરહ
શીર્ષક : નિજ બાળ વિરહ

જન્મ્યો પણ જાણ્યો નહી, દેવકી એ નિજ સુત,
કેવી હશે વિરહ વેદના, કે જન્મ્યો ત્રિભુવન ખૂદ
અંગેથી અળગો કીધો, રડતો છોડ્યો નિજ બાળ,
કેવી કરમ હીન હુ માવડી, ખોયા સાત સાત સંતાન
અંધકારમાં ઉજાસ થયો, પામી શકી ન પ્રકાશ,
અટુલી ઉભી એકલી, ઓશિયાળી દેવકી માંત

કોપ વેઠ્યો કંસ તણો , સહ્યા અપાર દુઃખ,
જન્મ્યો કુખે જાયો છતા, હજુ એકલતાનુ દુઃખ

વાસુદેવ હાલ્યા હોંશથી, જુએ લીલા નિજ બાળ,
યમુનાજી હરખી રહ્યા, પાર કરી રહ્યા જગ્ગનાથ
રચના,,,,
રાજેશભાઈ એસ વ્યાસ × રાજ ×
ધ્રુવનગર,,,, મોરબી

---

NOG SS NO. : 121
શબ્દ : સંયોગ-વિયોગ
પ્રકાર : પદ્ય -

મીઠા સ્મરણનો એ રોજ રાતે શ્વાસ ચાખે છે,
ને પછી વ્યથા તણો દીર્ઘ ઉચ્છ્વાસ નાખે છે.
કોઈ રીતે રોજ એક સુંદર સપનાની લાશ કાઢે છે,
ને જુઓ! આ વિયોગ કેવો ખેલ ઝકાસ રાખે છે!
મિલન ને વિરહમાં એક સામ્ય સદા દીઠું કે બેઉ,
તરકીબથી પ્રિયને નયનની સતત પાસ રાખે છે.
હવા પણ જુઓ, સ્પર્શી કોઈની સુવાસ આપે છે,
ને પછી, અધર સ્મરણોની ભીની ખારાશ ચાખે છે!
ખુલાસો કરું હવે કે કેમ બધાને પાછા વાળ્યા'તા?
હૈયું કોઈના કાજે અલાયદું, આખું અવકાશ રાખે છે.
ભૂલથી પણ નજરે ચડી જાય અરીસો, હવે જો,
પ્રતિબિંબ પૂનમ ને જાત જાણે અમાસ ઝાંખે છે!
કોઈક શોધે મુકામ એનું નવું, હવે ઠહેરવાનું 'હાર્દ',
આ ઉદાસી પણ હવે, મારી આસપાસ ભાખે છે!

- હાર્દિક રાવલ ( હાર્દ ) - મહેસાણા

# પવિત્ર પર્યુષણ પર્વ નિમીતે ૧૧૦૦૦ જેટલી માંદી, લુલી—લંગડી ગાયોની દેવભાવથી સેવા કરતી ગુજરાતની મોટામાં મોટી શ્રી જલારામ ગૌશાળા (ભાભર, જિલ્લો : બનાસકાંઠા) તથા ગૌ હોસ્પીટલ અનુદાન આપવા અપીલ

રાજયના ભાભર (બનાસકાંઠા)માં આવેલી દેશની સૌથી મોટી ગૌશાળા ભીડમાં મુકાઈ છે. જલારામ ગૌસેવા ટ્રસ્ટ સંચાલિત આ ગૌશાળા પર હાલમાં બે કરોડનું દેવું થઈ ગયું છે જેનું કારણ છે ગાયોમાં ફેલાયેલો લમ્પી રોગ. આ રોગચાળાને લીધે હાલમાં ગાયોને વધુ પડતો પૌષ્ટિક આહાર આપવો પડે છે જેના લીધે દૈનિક ખર્ચમાં આશરે ૫૦ ટકા જેટલો ખર્ચ વધી ગયો છે. આ ખર્ચ વધીને રોજનો ૧૦ લાખ સુધી પહોંચી ગયો છે. હાલમાં સંસ્થામાં ૧૧૦૦૦ જેટલી અશકત, વૃધ્ધ, બીમાર અને લમ્પીગ્રસ્ત ગાયો અને નંદી છે. જેમાંથી ૫૦૦ ગાય લમ્પીગ્રસ્ત જ્યારે ૧૨૦૦ જેટલા નંદી છે. મોટાભાગની ગાયો બીમાર, વૃધ્ધ અને અશકત હોઈ તેમને લમ્પી ન થાય તે માટે તેમની ઈમ્યુનિટી વધારવી જરૂરી છે. આ માટે તેમને ખાસ ખોરાક આપવામાં આવે છે જેના માટે વધુ ખર્ચ કરતા અત્યારે રોજનો ૧૦ લાખ જેટલો થાય છે આના કારણે સંસ્થાને આશરે ૨ કરોડ જેટલું દેવું થયું છે. પહેલા જે દાણ ૧૫૦ બોરી મંગાવવામાં આવતી અત્યારે તે દાણ રોજની ૪૦૦ બોરી મંગાવવામાં આવે છે ગાયમાતાની દવાઓનો ખર્ચ પણ વધ્યો છે. લમ્પી વાયરસને કારણે ગૌમાતાની ઈમ્યુનીટી વધારવા માટે ગૌમાતાને ગવારનો ભરડો, જવનો ભરડો, મકાઈનો ભરડો, કપાસનો ખોળ, ટોપરું, હળદર, તેલ, ગોળ, અજમો, મેથી મિશ્રીત ખોરાઈ અપાઈ રહયો છે. જેથી આ ખોરાક ગાયને લમ્પી વાયરસ સામે રમણ આપી શકે, પવિત્ર પર્યુષણ પર્વ નિમીતે ૧૧૦૦૦ જેટલી માંદી, લુલી- લંગડી ગાયોની દેવભાવથી સેવા કરતી ગુજરાતની મોટામાં મોટી શ્રી જલારામ ગૌશાળા (ભાભર, જિલ્લો : બનાસકાંઠા) તથા ગૌ હોસ્પીટલ અનુદાન આપવા અપીલ કરવામાં આવી છે.

પરમ ધ્યેય સંતશ્રી દતશરણાનંદજી મહારાજ (ગૌધામ-પથમેડા), પ્રેરીત માંદી, લલી લંગડી ગાયોની દેવભાવથી સેવા કરતી ગૌશાળા તથા ગૌ હોસ્પિટલ એટલે શ્રી જલારામ ગૌશાળા. શ્રી જલારામ ગૌશાળા (ભાભર, જિલ્લો બનાસકાંઠા)એ માંદી ગાયોની સારવાર ઓપરેશનો અને નિભાવ કરતી ગુજરાતની સૌથી મોટી ગૌ હોસ્પિટલ તથા ગૌશાળા છે. જયાં હાલ લગભગ ૧૧૦૦૦ જેટલી ગાયોની સારવાર તથા નિભાવ થઈ રહયો છે. શ્રી જલારામ ગૌશાળા ભાભર છે એક પુણ્યની પરબડી. છેલ્લા ૩૬ વર્ષથી અહિં થાય છે, ગૌ માતાઓની દેવભાવથી સેવા, સુશ્રુષા. બનાસકાંઠા જીલ્લાના અંતરીયાળ ભાભર ગામમાં આવેલ શ્રી જલારામ ગૌશાળા 'ની સ્થાપના આજથી ૩૬ વર્ષ પહેલા એકલ-દોકલ ગાયોની સારવારના હેતુથી થયેલ શરૂઆતથી ગૌ સેવકોનો એક જ ભાવ રહેલ કે આવેલ ગાય દુઃખી ના થવી જોઈએ અને આવેલ ફંડનો માત્ર ગૌસેવાના કાર્યમાંજ ઉપયોગ થવો જોઈએ. આ ગૌશાળાને વર્તમાન યુગનો ચમત્કાર એટલે કહેવું પડે છે કે આજ સુધી ટ્રસ્ટીઓની કોઈ વિધિસરની મીટીંગ મળી નથી અને આ ગૌશાળામાં કયારેય નાંણાની ઘટ નથી પડી કે નથી પડયો વધારો. જોઈએ એટલું જલાબાપા આપી દે છે. ક્યારેય ફીક્સ ડીપોઝીટ મૂકવાનો પ્રસંગ નથી આવ્યો કે નથી વ્યાજ મેળવવાનો પ્રસંગ આવ્યો. અત્યારે પણ એકાદ કરોડ રૂપીયાનું દેવુંછે. શ્રી જલારામ ગૌશાળા ભાભરમાં ૬ એકર ભૂમિમાં ગૌ હોસ્પિટલ બનાવવામાં આવેલ છે જયાં ૨૨ એમ્બયુલન્સો દ્વારા લગભગ ૨૫૦ કિ.મી. સુધીથી રોજે રોજ ૨૦ થી ૨૫ માંદી ગાયોને લાવવામાં આવે છે. જયાં ૫૦ ડોકટરો અને (એલ.આઈ.)નો સ્ટાફ ઓપરેશનો તથા પાટાપીંડી કરી ગાયોને સાજી કરે છે. અહિં, ગાયોના કેન્સર વોર્ડ, આહ (મૂત્રારાયનો ભાગ બહાર નીકળી જવો) વોર્ડ, ફેક્ચર વોર્ડ, સીઝેરીયન વોર્ડ, સૂરદાસ વોર્ડ, આઈ.સી.યુ.યુનીટ, બર્ન વોર્ડ, કીડની વોર્ડ અને વૃધ્ધાશ્રમ વોર્ડ જેવા અલગ અલગ વોર્ડમાં ગાયોને રાખીને સારવાર કરવામાં આવે છે. ફેકચરનો ભોગ બનેલ ગાયો માટે એક્સ-રે મશીનની સુવિધાનો ઉપયોગ થાય છે. એસીડથી દાઝેલી ગાયો માટે (એસી) વોર્ડની સગવડ છે. રોજે રોજ જે ગાયો આવે છે તેમાથી સરેરાશ ૩ થી ૪ ગાયોનું મરણ થાય છે. કુલ ૨૫૦ વ્યક્તિઓના વેતનીક સ્ટાફ ગાયોની સારસંભાળમાં રોકાયેલા છે. પ્રતિદીન સરેરાશ ૬,૫૦,૦૦૦/– ના ખર્ચ સામે ટ્રસ્ટીઓ માત્ર ઉતરાયણ ઉપર એકવખત ફાળો ઉઘરાવે છે. ગુજરાતના અલગ અલગ શહેરોમાં ૧૫૦૦૦ જેટલા દાનપાત્રો મુકેલ છે. જેમાંથી ૬૦ થી ૭૦ હજાર જેટલી રકમ રોજ એકઠી થાય છે. અમદાવાદ ખાતે ગૌશાળાની ઓફીસ છે જયાં ૨૦ વ્યક્તિઓનો સ્ટાફ કાર્યરત છે. અને એમ્બ્યુલન્સ માંદી ગાયોને લઈ જવા અમદાવાદ ખાતે જ રહે છે. ૩ એકર જગ્યામાં સંવર્ધન કેન્દ્ર બનાવેલ છે જયાં સારી ઓલાદની તૈયાર થયેલ ગાયોને સારા સારા ખેડૂતોને ટોકન રાશી સામે આપવામાં આવે છે. ગૌશાળામાં માત્ર બિમાર, અશક્ત, વૃધ્ધ, ન વિયાઈ શકે તેવી જ ગાયોનો નિભાવ થાય છે. આવા ગૌવંશના નિભાવ હેતું ગુજરાતની સૌથી આધુનીક ૨૫૦ વિઘામાં પથરાયેલ શ્રી હરિધામ ગૌશાળાનું નિર્માણ કરેલ છે. અહિ સરસ મજાના હવાઉજાસ વાળા શેડો, સરોવર, ઘાસ ગોડાઉનો, ગોવાળઘરો, અને ઓફીસનું નિર્માણ કરેલ છે. પ્રાતઃ સ્મરણીય સંતશ્રી હરિરામ બાપાના આશીર્વાદથી આ ગૌશાળાની સ્થાપના કરવામાં આવેલ છે. ગાયોને આપવાનો તમામ ઘાસચારો કટર મશીનથી કાપીને આપવામાં આવે છે.માંદી ગાયોને ખોરાકમાં કપાસખોળ, ટોપરા, ગોળ, બાજરીના રોટલા વગેરે રોજેરોજ સ્વયંસેવકો દ્વારા જાતે બેસીને ખવડાવવામાં આવે છે. ઉતર ગુજરાતના લગભગ દરેક શહેરમાં ગૌ એમ્બ્યુલન્સોની સુવિધા ચાલુ કરાવેલ છે, મા વિનાના નાના-નાના વાછરડાઓને નાના બાળકોની જેમ ટોટીથી દૂધ પીવડાવવામાં આવે છે. શ્રી જલારામ ગૌશાળામાં ગૌ સેવા ઉપરાંત માનવ સેવા, ઘાયલ પશુ-પક્ષીઓની સેવા, કીડીઓને કીડીયારૂં વગેરે જીવદયાનાં કાર્યો થાય છે. મંદબુધ્ધિ, અપંગ, પાગલ, વિધવા, નિરાધાર એવા ૨૩૬ પરિવારોને દર મહિને જીવનનિર્વાહ કીટનું વિતરણ કરવામાં આવે છે. ઉતરાયણ ઉપર અમદાવાદમાં ઘાયલ પક્ષીઓની સારવારનું સુંદર કાર્ય અમદાવાદ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. સાજા થયા પછી જે પક્ષીઓ ઉડી ના શકે તેવા હોય તે તમામ પક્ષીઓને આજીવન અહીં શ્રી હરિધામ ગૌશાળાના વિશાળ મોર ઘરમાં આશ્રય આપવામાં આવે છે. ૧૫ લાખના ખર્ચે વિશાળ મોર ઘરનું નિર્માણ કરવામાં આવેલ છે. ગાયોને પીવાના પાણી માટે વિશાળ સરોવરનું નિર્માણ કરેલ છે. લગભગ ૨૦૦૦ વૃક્ષોથી લહેરાતી આ વિશાળ ગૌશાળાએ જલાબાપાનો વર્તમાન યુગનો ચમત્કાર જ સમજો, અહીં નથી ક્યારેય નાંણાના અભાવે કોઈ ગાય ભૂખી રહી કે નથી ક્યારેય ફીક્સ ડીપોઝીટો બનાવીએ એટલું વધારે નાણા આવ્યા. જેટલી જરૂર એટલું શ્રી જલારામ બાપા આપ્યે રાખે છે. શ્રી હરિધામ જાણે સાક્ષાત પરમપીતા શ્રી ગોપાલ કૃષ્ણ જ આ વિશાળ ગૌશાળા ચલાવી રહયાં હોય તેવું લાગે છે. ભગવાન શ્રી કૃષ્ણે ગાયોની સેવા કરી જગતને રાહ ચીંધ્યો, ગાંધી બાપુએ કહયું છે કે જયાં સુધી ગાય હશે ત્યાં સુધી હિન્દુ ધર્મ રહેશે. આચાર્ય રજનીશે કહયું છે કે વિશ્વનું છેલ્લામાં છેલ્લું પ્રાણી ગાય હશે. આવો ગૌ રૂપી ખજાનો આજે વિનાશને આરે ઉભો છે. તેને બચાવવા ગામે ગામ જાગૃતિ આવી રહી છે. પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ શ્રી હરિરામબાપાની પ્રેરણા તથા તેમના પુનિત આશીર્વાદથી શ્રી હરિધામ ગૌશાળાના કાર્યનો શુભારંભ કરેલ. ગૌસેવા, માનવસેવા, પશુપંખીઓની સેવા અને કીડી જેવા નાના જંતુઓની સેવાનું લક્ષ્ય રાખી શ્રી હરિધામનું નિર્માણ કાર્ય આરંભેલ. પરમપિતા પરમાત્માની અસીમ કૃપાથી ૧૮૦ વિઘા જમીન ખરીદી ત્યાં ગાયો માટે હવા ઉજાસ વાળા શેડો, ઘાસ ગોડાઉન, ગોવાળ કવાર્ટર, પાણીની વિશાળ ટાંકી, સરોવર, પક્ષીઘર તથા મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ વિગેરેનું નિર્માણ કરેલ છે. શ્રી હરિધામ ગૌશાળામાં ૧૧૦૦૦ ગાયો માટેના આવાસ (શેડો) ગાર્ડન, ઉપેક્ષિત વડિલો માટે × વડીલોનું વૈકુંઠ× વૃધ્ધાશ્રમ, નિરાધાર બાળાઓ તથા માનસિક અસ્થીર મહિલાઓ માટે આશ્રમ શાળા, પંચગવ્ય આધારીત ઔષધાલય (દવાખાનું) સહ પશુ નિરીક્ષક (એલ.આઈ) કોલેજની સ્થાપના આવા અનેક શુભકાર્યો કરવાના સંકલ્પો છે.

આવનારા વર્ષોમાં ૧૧,૦૦૦ ગાયોના રહેઠાણો, ચરીયાણ, ઉભા કરવાનું વિરાટ કાર્ય ચાલું છે. શ્રી જલારામ ગૌશાળા એક એવી ગૌશાળા બનવા જઈ રહી છે જયાં માનવ સેવા, પશુ પંખીઓની સેવા, જીવજંતુઓની સેવાની સરીતા ખળખળ વહી રહી છે, પુણ્યશાળીઓને આચમન લેવા તથા સહ પરિવાર પધારવા હૃદયપૂર્વકનું ભાવભીનું નિમંત્રણ અપાયું છે.

ગૌમાતા માટે આપણે શું કરવું જોઈએ ?

આવો સંકલ્પ કરીએ...

ગૌસેવા માટે પ્રત્યેક કુંટુંબે ૧ ગાયના નિભાવ જેટલી રકમ દૈનિક ૩૦ રૂ?. ના ગુણાંકમાં નજીકની ગૌશાળામાં જમા કરાવવી જોઈએ,દરેક વેપારીએ તેની વાર્ષિક આવકના ઓછામાં ઓછા ૧૦ ટકા ગૌદાન માટે વાપરવા જોઈએ, ગૌ માતાના દૂધ-દહિં, ઘીના તેમજ ગૌમૂત્રની દવાઓનો ઉપયોગ કરવો તેમજ પ્રચાર-પ્રસાર કરવો જોઈએ, પૂજય કથાકાર સંતોએ કથામાં ગૌ દાન પાત્ર મુકવા, ગૌ મહિમા તથા ગૌ દાન વિશે ઉપદેશ આપવા અમારી પ્રાર્થના છે. ગૌ માતા તેત્રીસ કોટી દેવતાઓનું મંદિર છે, ગૌ માતાનો ફોટો ઘરમાં રાખવાથી બધા દેવતાઓ પ્રસન્ન થાય છે, જન્મદિવસ, લગ્નતિથિ, શ્રાધ્ધ, સ્વજનોની પુણ્યતિથી કે અન્ય સારા-માઠા પ્રસંગોએ ગૌશાળામાં જઈ ગૌ પૂજન કરી ગૌ દાન કરવું, ગૌ સેવા એ દરેક માનવ માત્રનો સ્વધર્મ, તેમજ યુગ ધર્મ છે, આપણા ધંધા રોજગારના સ્થળે તથા ઘરે ગૌદાન પેટી મુકવાનો સંકલ્પ કરો. ગૌ માતા, ગંગા, ગીતા, ગાયત્રી અને ગણેશ આપણી સંસ્કૃતિના આધાર સ્તંભો છે.

દાનપેટી

જલારામ ગૌશાળાનું રોજનું ખર્ચ રૂા. સાડા છ લાખ જેટલું થઈ જાય છે. ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય આ કહેવતને સાચી ઠરવે એવી વાત છે. જલારામ ગૌશાળાની દાનપેટીઓ ગુજરાતમાં ઘણાબધા શહેરોમાં મુકી છે. લોકો રોજગારના સ્થળે અથવા ઘરમાં પૂજાના સ્થળે દાનપેટી રાખી ૫–રૂપીયા, ૧૦/-રૂપીયા દાનપેટીમાં મુકી ગૌદાન આપે છે. આમ આ નાની નાની દાનની સરવાણી સરિતા બની માતબર આવક દાનપેટીના માધ્યમથી થઈ છે.આગ્રહભરી વિનંતી છે કે આપને ત્યાં તથા આપના મિત્ર વર્તુળ—સગાસંબંધીઓના ધંધાના સ્થળે આજે જ દાનપેટી મુકાવી આંગળી ચીંધ્યાનું પુણ્ય મેળવો. જલારામ ગૌશાળા ભાભર પાસે સંસ્થાની ૨૦ એમ્બ્યુલન્સ છે જેના દ્વારા અમદાવાદ જિલ્લા તેમજ બનાસકાંઠા જિલ્લામાંથી અપંગ, લુલી, લંગડી, માંદી તેમજ એકસીડેન્ટવાળી ગાયો દરરોજની ૧૫ આશરે સંસ્થામાં સારવાર તેમજ જીવનપર્યંત તેના ભરણપોષણ માટે સંસ્થામાં આવે છે તેના કારણે સંસ્થાને વધુ ને વધુ ફંડની જરૂર રહે છે અને દરરોજના ખર્ચને પહોંચી વળવા માટે અમોએ ગુજરાતના તમામ શહેરોમાં દાનપેટી પેટીઓ મૂકવાની ફરજ પડેલ છે. તો સર્વેને સંસ્થા અપીલ કરે છે કે દાનપેટીમાં દરરોજના રૂા. ૧૦– મૂકીને ગૌદાન કરીએ અને સંસ્થાને આ થકી ઉપયોગી થવા માટે સંસ્થાની અપીલ છે.

આપનું દાન....અમારું જીવન.....

આપનો જન્મદિન અમારો અભયદિન બનાવો.

આપના લગ્નોત્સવને અમારો જીવનોત્સવ બનાવો.

સ્વજનના મૃત્યુનો શોક ગૌદાનથી હળવો બનાવો.

ધાર્મિક મહોત્સવને જીવદયાનો પણ મહોત્સવ બનાવો.

આપની માંદગીમાં પશુઓને શાતા આપી પુણ્યનું ઉપાર્જન કરો અને સાજા થાઓ.

અબોલ જીવો આપના પ્રત્યે આશાભરી મીટ માંડીને બેઠા છે.

આપ તેમના તારણહાર બની શકો છો.

મૂંગા અબોલ જીવોની સેવા, દુઃખી માનવીઓની સેવા, પશુ-પક્ષીઓની સેવા, અરે સુક્ષ્મજીવ કીડીની સેવા,....આપનો એક-કે પૈસો અહિ સેવાના કાર્યમાં વપરાશે. આપના પૂર્વજોના નામો સોનેરી અક્ષરોમાં લખાશે. ૫૦૦ વર્ષ પછી પણ લોકો આપને, આપના પરિવારને યાદ કરશે. સેવાની સરીતા ખળખળ વહી રહી છે. તેનાં ન્હાઈ પુણ્ય કમાવા હૃદયપૂર્વક આમંત્રણ છે. સહપરિવાર શ્રી હરિધામ તિર્થભૂમિમાં પધારવા સર્વેને ભાવભર્યુ નિમંત્રણ છે. અહી હજારો મૂંગા જીવો આપની કરૂણાની પ્રતિક્ષા કરી રહયાં છે. શ્રી જલારામ ગૌશાળા પરીવાર (ભાભર, જિલ્લા : બનાસકાંઠા)ના ગૌસેવકો લીલાધરભાઈ ઠક્કર (મો.૯૮૨૪૦૩૧૧૦૧), પ્રતાપભાઈ ઠક્કર (મો.૯૩૭૭૭ ૯૫૭૦૨), મહેશભાઈ ઠક્કર ગણાત્રા (મો.૯૭૧૪૭૩૪૦૦૦), (ટ્રસ્ટીઓ), તથા વિશાલભાઈ ઠક્કર, કિરીટભાઈ શાહ સહિતના અગ્રણીઓએ વિનંતી કરી છે.

—જલારામ ગૌશાળા પરિવાર-ભાભર (જિલ્લા : બનાસકાંઠા )

## વાહ !!

કાચી રે માટીના ઘૂમે ઘડુલીયા
કે ધણી ઘડે ઝૂઝવા રે ઘાટ
અવળી સવળી થપાટપ
નીભાડે અનગઢ અગ્નિ ધગધગે
અગનના અસનાન
મારીને ટકોરા ત્રિકમ ત્રેવડે
પાકા પંડ રે પરમાણ
કાચી રે માટીના ઘૂમે ઘડુલીયા
હરિએ હળવેથી લીધા અમને હાથમાં
રીઝ્યા નીરખીને ઘાટ
જીવને ટાઢક વળી તળિયા લગી
કીધા તે અમથા ઉચાટ
અદભુત !!

.ઉ.મ..

# લ્યો અંબાજીમાં સાહેબે પાન મસાલા ની મોજમાં રહી દબાણો દૂર કર્યા

## સાહેબને એ ન દેખાયું તાજેતરમાં બનેલાં આરસીસી રોડમાં કેટલો ભ્રષ્ટાચાર કર્યો છે રોડ પર ના ખાડા ન દેખાય પણ દબાણ દેખાયું



આવનાર ભાદરવી પૂનમ નો મહામેળો અંબાજી ખાતે યોજનાર છે. ૫ સેપ્ટેમ્બર થી ૧૦ સેપ્ટેમ્બર સુધી યોજનાર મહામેળામાં લાખો ની સંખ્યા માં માઈભક્તો અંબાજી ખાતે આવશે. લાખો ની સંખ્યા માં આવનાર માઈભક્તો ને કોઈપણ જાત ની મુશ્કિલી ના પડે તે માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા વિવિધ પ્રકાર ની સુવિધાઓ ઉભી કરવા માં આવી છે. આજે અંબાજી ના હાઈવે માર્ગો પર થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવા માં આવ્યા હતા. આર.એનબી સ્ટેટ દ્વારા આવનાર મહામેળામાં લાખો ની સંખ્યા માં માઈભક્તો ને ધ્યાને લઈ હાઈવે પર ના દબાણો દૂર કરવા માં આવ્યા. અંબાજી ખેડબ્રહ્મા હાઈવે રોડ , અંબાજી પાલનપુર હાઈવે રોડ અને અંબાજી આબુરોડ હાઈવે રોડ પર ના દબાણો તંત્ર દ્વારા દૂર કરવા માં આવ્યા છે. અંબાજી હાઈવે પર ના દબાણો અમુખ દુકાનદારો સ્વૈચ્છિક દબાણ હટાવા ની કામગીરી હાથ ધરી હતી તો અમુખ દુકાનદારો આગળ કરેલા દબાણો ને જેસીબી ના મદદ થી તોડી ગેરકાયદેસર દબાણ ને દૂર કરવા ની કામગીરી હાથ ધરાઈ હતી. અંબાજી માં હાઈવે પર ના દબાણ દૂર કરવા ની કામગીરી કરવામાં આવી હતી અને અંબાજી ગબ્બર સર્કલ સુધી આરસીસી રોડ બનાવ્યા ના હજુ ગણતરીના દિવસોમાં જ રોડનાં ઠીંગડા મારવામાં આવ્યા હતા તને લઈ રોડ બનાવનાર કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ પર અનેક સવાલો ઉઠી રહી છે જ્યારે તંત્રને રોડના ખાંડા નહીં દેખાતા અને ગામના દબાણો દેખાઈ રહ્યા છે કેમ જવાબદારી અધિકારીઓ તાજેતરમાં બનેલાં આરસીસી માં ભ્રષ્ટાચાર વિષય કેમ આંખ આડા કાન રાખે છે ગામના દબાણો દેખાઈ રહ્યા છે પણ ગામમાં ખાંડા કેટલાં છે રોડ રસ્તાઓ બિસ્માર હાલતમાં છે તે કેમ ન દેખાયું તેને લઈને લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. અંબાજી

# સરકારી તાલુકા પુસ્તકાલય વઘઈ દ્રારા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૬મી જન્મ જયંતિ ઉજવવામા આવી;

આહવા: તા : ૨૯: સરકારી તાલુકા પુસ્તકાલય વઘઇ દ્રારા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી ની ૧૨૬ મી જન્મ જયંતી ની ઉજવણી કરવામા આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મેહમાન શ્રી દિપ્તેશભાઇ પટેલ, તથા શ્રી રવીભાઇ સુર્યવન્સી દ્વારા ગ્રથાલયના વાચક ભાઈઓ બહેનો તેમજ ગ્રામજનો માટે મેઘાણી સાહિત્યનુ પ્રદર્શન તા. ૨૮/૦૮/૨૦૨૨ રોજ જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામા આવ્યુ હતુ.

આ પ્રસંગે વાચકો, ગ્રામજનો તેમજ ૪૦ જેટલા વિઘાર્થીઓએ શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મ જયતીની ઉજવણી કાયક્રમનો લાભ લીધો હતો. શ્રી રવીભાઈ દ્રારા વિર્ઘાથીઓને જરૂરી માર્ગદશન પુરૂ પાડી મેઘાણી સાહિત્યનુ પ્રદર્શન અંગે વિગતવાર માહીતી આપી હતી.

વઘઈના વાચકો, ગ્રામજનો તેમજ વિઘાર્થીઓએ મેઘાણી સાહિત્ય પ્રદર્શન કાર્યક્રમનો લાભ લિધો હતો. વઘઇ ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી.એચ.લાડ, સેવક તરૂણભાઈ તથા અન્ય વાચક મીત્રો દ્વારા ગ્રંથાલયના કાર્યક્રમને સફળ બનાવવામા ઉમદા મેહનત કરી હતી.




નરેન્દ્ર પવાર
ડાંગ

# આહવા ખાતે યોજાઈ જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા યોજાઈ ;




આહવા: તા : ૨૯: ભારત સરકાર દ્વારા માન્ય નેશનલ યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા આહવા સરકારી માધ્યમિક શાળા ખાતે યોગાસન સ્પર્ધાનુ આયોજન કરવામા આવ્યુ હતુ.આ સ્પર્ધામા કુલ ૧૭૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એમ.સી.ભૂસારા, રમતગમત અધિકારી, સરકારી માધ્યમિક શાળા આચાર્ય, ડાંગ યોગાસન કોર્ડિનેટર શ્રીમતી રચનાબેન ચલિયાવાલા, તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધામા ભાગ લેનાર, અને વિજેતા થયેલ સ્પર્ધકો હવે પછી વધુ કોચિંગ મેળવ્યા બાદ રાજ્ય કક્ષાએ ભાગ લેશે. આ ઉપરાત તેમને ઈન્ડિયા ગેમ્સ, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન દ્વારા યોજાતી નેશનલ ગેમ્સમા ભાગ લેવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થશે.

ડાંગ જિલ્લા યોગાસન કોર્ડિનેટર, કમલેશભાઈ પત્રેકર, યોગ ટ્રેનર સરિતાબેન, દીપમાલબેન, રમેશભાઈ, બીપીનભાઈ, રણજીતભાઈ, મથુરાબેન, જયરાજભાઈ પરમાર વગેરેએ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. જિલ્લા કક્ષા સ્પર્ધામા યોગાસનના ખેલાડીઓ, યોગ શિક્ષકો, યોગાસન કોચ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર
ડાંગ



સમસ્ત ગુજરાત ના બ્રહ્મ સમુદાય માં અખબારી આલમ ના વડીલ મૃદુશીલ સ્વભાવે ઓળખાતા અખબારી આલમ ના સિનિયર કહિશકાય તેવા તસવીરકાર ની વિદાય એક આઘાત જનક સમાચાર...ભગવાન તેમના આત્માને શાંતિ આપે તેવી દેવાધિદેવ મહાદેવ ને પ્રાર્થના..પરિવારજનો ને આ કર્મો આઘાત સહન કરવાની શક્તિ આપે..જન ફરિયાદ દેશ વિદેશ, ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પરિવાર

# આર્મી પરિવારની આન,બાન અને શાન સાથે પાટણ પંથકનું ગૌરવ કનૅલ નિતિન જોષીએ પોતાની દેશ સેવાના ૩૦ વર્ષ પૂર્ણ કર્યા..



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

આયરનમેન,આઈસમેન, સાથે ગુજરાતી મિલ્ખાસિંઘ નું બિરૂદ મેળવનાર કનૅલ નિતિન જોષીની ફરજ સાથેની સેવાકીય પ્રવૃત્તિ સરાહનીય બની

પાટણ પંથકના સરીયદ ગામના પનોતા પુત્ર અને ઈન્ડિયન આર્મીની આન,બાન અને શાન સમા આયરનમેન એટલે કે લોખંડી પુરુષ, આઈસમેન અને ગુજરાતી મિલખાસિંહ તરીકે જાણીતા એવા ભારતીય થલ સેના ના સેવારત સૈન્ય અધિકારી એવા કર્નલ નીતિન જોષીએ આજે પોતાની આર્મી ની ફરજ મા સફળતા નાં ૩૦ વર્ષ પૂર્ણ કરતા પાટણ પંથક સહિત સમગ્ર આર્મી પરિવારે ગૌરવ અનુભવી કનૅલ નિતિન જોષી પર શુભેચ્છાઓની વર્ષા વહાવી છે.

પાટણ પંથકના પનોતા પુત્ર કર્નલ નીતિન જોષીએ પોતાની ૩૦ વર્ષ ની ફરજ દરમિયાન દેશ સેવા ની સાથે સાથે લોક સેવાનાં કાર્યો સાથે એક ગીનીઝબુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને પાંચ વર્લ્ડરેકોર્ડ ફોર ઈન્ડિયા ના વિશ્વ વિક્રમો કીર્તિમાન કરી આગવી ઓળખ ઉભી કરી છે.

પોતાના રજા દિવસોમાં કનૅલ નિતિન જોષીએ પાટણ ખાતેનાં સરીયદ પોતાના માદરે વતનમાં આવી ને અનેકવિધ દેશ કાર્યો નાં કાર્યક્રમો આયોજિત કરી પોતાનાં વતન સહિત પાટણ પંથકનાં યુવાનો ને પ્રેરણા પુરી પાડતા રહ્યા છે.કનૅલ નિતિન જોષી એ પોતાની ૩૦ વર્ષ ની ફરજ દરમિયાન અનેકવિધ દેશ સેવાની સાથે સાથે લોક સેવાકીય પ્રવૃતિઓ કરી લોકોમાં આગવી ઓળખ ઉભી કરી ગૌરવ પ્રાપ્ત કર્યું છે

# ગુજરાત હાઈકોર્ટ દ્વારા મજુર અદાલત ગોધરાનો હુકમ ફેરફાર થતા અરજદારને નોકરીમાં હાજર કરવાના આદેશથી સરકારશ્રીના કાયમી થવાના પરિપત્રોના લાભો મેળવવાના હકદાર બનતા સામૂહિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓમાં આનંદની લાગણી

પંચમહાલ જિલ્લાના મલાવ મુકામે આવેલ રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા રેફરલ હોસ્પિટલ હાલોલ તેમજ આશુતોષ મુની મેડિકલ સેન્ટર મલાવ તાલુકો કાલોલ ના તાબા હેઠળ તારીખ ૧૭/૧/૨૦૦૦ થી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સવિતાબેન મંગળભાઈ હરિજન ને સંસ્થાના અધિકારીઓએ તેમને કાયમી કરવા ના પડે અને સરકારશ્રીના નિયત કરેલ પગાર ધોરણ ચૂકવવા ના પડે તેવા કારણોસર કોઈપણ જાતના કક્કો ચૂકવ્યા સિવાય તારીખ ૨/૫/૦૬ ના રોજ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છૂટા કરી દેતા અરજદાર શ્રી સવિતાબેને ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ એ એસ ભોઈ નો સંપર્ક કરતા ફેડરેશન દ્વારા સંસ્થાના અધિકારીઓને અરજદારને પડેલા દિવસોના પુરા પગાર સહિત તેની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા બાબતે નોટીસ પાઠવે પરંતુ તે બાબતે કોઈ સુખદ સમાધાન ન થતા આ વિવાદ નામદાર મજૂર અદાલત ગોધરા સમક્ષ રેફરન્સ કેસ નંબર ૪૨/૧૪ દાખલ કરવામાં આવે જે કેસ ચાલી જતા અરજદાર તરફે ફેડરેશન ના માર્ગદર્શન હેઠળ પેનલ એડવોકેટ એસ એ ભોઈ તથા વૈભવ આઈ ભોઈ એ અદાલત સમક્ષ દલીલો કરતા અરજદારને નોકરી અને પડેલા દિવસોનો પગાર પેટે ઉચક વળતર રૂપિયા ૫૯ હજાર વળતર ચૂકવવાનો આદેશ કરતા જે આદેશથી નારાજ થઈ અરજદારે ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસી એ નંબર ૧૭૯૩/૧૯ દાખલ કરેલ હતા નામદાર ગુજરાત હાઈકોર્ટે મજૂર અદાલત ગોધરાના હુકમમાં તારીખ ૨૩/૮/૨૨ રોજ સુધારો કરી સવિતાબેન હરિજનને પડેલા દિવસોના પગાર સિવાય સળંગ નોકરીથી તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો આદેશ કરેલ છે જે આદેશથી અરજદારને આવનાર દિવસોમાં સરકારશ્રીના પરિપત્ર ના લાભો મેળવવાના હક્કો મળ્યા છે આ આદેશથી. સામૂહિક આરોગ્ય કેન્દ્રના રોજમદાર કામદારો મા આનંદની લાગણી પ્રવૃત્તિ છે

પ્રમુખ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન કાલોલ પંચ
અંબાલાલ એસ ભોઈ

# શાંતી નિકેતન શિક્ષણ સંકુલ પાટણ દ્વારા ભવ્ય શિવ દર્શન કાર્યક્રમ યોજાયો.




પાટણ શહેર: પવિત્ર શ્રાવણ માસમાં શિવપૂજા નું વિશેષ મહત્ત્વરહેલું છે. ત્યારે પાટણ સ્થિત શાંતી નિકેતન શિક્ષણ સંકુલ દ્વારાબાર જ્યોતિલિંગ ,અમરનાથ, નીપ્રતિકૃતિ સાકાર કરવામાં આવી.

શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ભારે જહેમત ઉઠાવી વિવિધબાર જ્યોતિલિંગ ,અમરનાથ બાબા બરફાની ખુબજ સુંદર શિવલિંગ બનાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થા ના ટ્રસ્ટીવંદનાબેન પટેલ દ્વારા સદર કાર્યક્રમ ની માહિતી આપતા જણાવ્યું કે દર વર્ષે આવા વિવિધકાર્યક્રમ યોજી બાળકોમાં સંસ્કારોનું સિંચન કરી એમનામાં રહેલ વિવિધ ગુણો ને ઉજાગર કરવામાં આવે છે. તેમજ શિક્ષિકા નિધિબેને આચાર્યએ જણાવ્યું કે શિવ દર્શન કાર્યક્રમ નો લાભ વાલીઓ,વિદ્યાર્થીઓ તેમજ આસપાસ ના રહીશો પણ લઈ

ધન્યતા અનુભવી હતી. લઘભગ એક હજાર જેટલા શિવભક્તો એ શિવ દર્શન નો લાભ લઈ શિવ આરાધના કરી હતી. તેમજ ભગવાન શિવની આરતી અને પૂજા અર્ચના કરી ભોલેનાથ ની જય બોલાવી હતી. આ શુભ પ્રસંગે શ્રી કાનજીભાઈ ,વંદના બેન,જીગ્નેશ ભાઈ પટેલ , અરવિંદ ભાઈ નિધિબેનઆચાર્ય, સર્વ શિક્ષકસ્ટાફ ,કર્મચારીગણ ,વાલીઓ,તેમજ વિદ્યાર્થીઓ સહિત આજુબાજુના વિસ્તારમાંથી આવેલ લોકો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

રિપોર્ટ : ભરત જોષી (માહારાજ)
પાટણ....



ગાંધીનગર સેક્ટર ૨૨ રંગમંચ ખાતે ૫૩ મો સાર્વજનિક ગણેશ મહોત્સવ ૩૧ ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ શરૂ થશે તેમ જ મંગળવાર ૬ ૯ ૨૦૨૨ ના રોજ પૂર્ણાહુતિ કરવામાં આવશે. આ મહોત્સવના અધ્યક્ષ નિશિત વ્યાસ આજરોજ સર્કિટ હાઉસ ખાતે મળેલી પ્રેસ કોન્ફરન્સમાં જાણકારી આપતા કહ્યું હતું કે આ ઐતિહાસિક લોકો સૌમાં ગીત સંગીત હલ્દી કંકુ બહેનો અને વિદ્યાર્થીઓને લગતા કાર્યક્રમો તેમજ ઉંમરલાયક લોકો દ્વારા ગવાતા ગીતોની હરીફાઈ પણ કરવામાં આવનાર છે. આ લોકો શોમાં બિન રાજકીય રીતે વર્ષોથી ગાંધીનગરની ધર્મપ્રેમી જનતા ભાગ લેતી આવી રહી છે અને આ વખતે પણ ભાગ લઈને લોકો સૌને સફળ બનાવશે.

# સીંગતેલના ભાવ કાબુમાં રાખવા સરકાર નાફેડ પાસે સંઘરાયેલ ૧૪૨ હજાર ટન મગફળીને છૂટી કરવા: અરવિંદ લાડાણીની માંગણી

(જીગ્નેશ પટેલ દ્વારા)

વર્તમાન સમયે મોંઘવારીએ માઝા મૂકી છે. દરેક જીવન જરૂરિયાતની ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે. સીંગતેલ તો ભડકે બળી રહ્યું છે. મોંઘવારી દૂર કરવાના વચનો આપીને સરકાર ગાદીએ બેઠી છે. પરંતુ મોંઘવારી દુર કરવા તેમણે કોઈ પગલા લીધા નથી. સીંગતેલ ડબ્બાના ૨૭૦૦ રૂપિયા બોલાય છે. ગરીબ માણસ સીંગતેલ ખાઈ શકે તેવી તેમની સ્થિતિ નથી. ત્યારે જૂનાગઢ જિલ્લા પંચાયતના સદસ્ય અને માણાવદર તાલુકા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અરવીંદભાઈ લાડાણીએ કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી જણાવ્યું છે કે, ગયા વર્ષે દેશમાં જુદા જુદા રાજ્યોમાં સરકાર દ્વારા મગફળીની ખરીદી કરાઈ હતી. જેમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી મોટાપાયે સરકારે નાફેડ મારફત મગફળી ખરીદેલી. તો સરકાર આ મગફળી નાફેડ પાસે વેચવા તાત્કાલીક પગલા ભરે જેથી હાલ બે મહિના સીંગતેલના ભાવ પણ કંટ્રોલમાં રહે અને નવી મગફળીનું ઉત્પાદનમાં ખેડૂતોને પોષણક્ષમ સારા ભાવો મળે એમ જિલ્લા પંચાયત જૂનાગઢના સભ્ય અરવીંદભાઈ લાડાણીએ સરકાર પાસે રજૂઆત કરેલ છે.

રિપોર્ટર - જીગ્નેશ પટેલ માણાવદર

# આજ રોજ પાટણ જિલ્લા મા અને ઉ. મા. શાળા આચાર્ય સંઘના નવીન ભવનનું ઉદઘાટન તથા સંઘની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ભવનનું ઉદ્દઘાટન ઈ. ચા. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભરતભાઈ પી. પટેલ ના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે કચેરીના શિક્ષણ નિરીક્ષકશ્રી ડૉ. મધુબેન દેસાઈ, અનીશાબેન પ્રજાપતી, કચેરી અધિક્ષક ડૉ. ઍસ.એસ.પટેલ, સંઘના પુર્વ પ્રમુખશ્રી ડૉ. કાનજીભાઈ પટેલ, બળદેવભાઈ જોષી, લાલભાઈ દેસાઈ, તથા વિવિધ સંઘના પ્રમુખ, મંત્રી તથા નિવૃત્ત આચાર્ય મીત્રો હાજર રહેલ. આ પ્રસંગે તમામે સંઘને શુભેચ્છા પાઠવેલ. ત્યાર બાદ સંઘની વાર્ષિક સાધારણ સભા શેઠ બી.એમ. હાઈસ્કૂલના આચાર્ય શ્રી પ્રહલાદભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ જેમા છેલ્લા ૧૨વર્ષ સુધી પ્રમુખ સ્થાને રહેલ સંઘના સફળ સુકાની શ્રી હસમખલાલ કે.પટેલે સંઘની પ્રગતીમા આપેલ યોગદાન ધ્યાને લઈ તેઓનું સાધારણ સભા દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું. શ્રી પટેલે પ્રત્યુતરમા જિલ્લાના આચાર્ય દ્વારા મળી રહેલ સહયોગ તથા તેમને બોર્ડ મેમ્બર બનાવવામાં જિલ્લાના આચાર્યના યોગદાન બદલ આભાર વ્યક્ત કરેલ. પરીક્ષા સમિતિનું સફળ આયોજન કરવા બદલ શ્રી પ્રહલાદભાઈ પટેલનું સન્માન



કરવામા આવ્યું. ત્યાર બાદ આગામી ત્રણ વર્ષ માટે નવીન હોદ્દેદારની નિમણૂક કરવામાં આવી. પ્રમુખ - મનીષકુમાર પી.પટેલ. મહામંત્રી - દિપકભાઈ બારોટ. ઉપપ્રમુખ - સુરેશભાઈ સુંઢીયા, શૈલેષભાઈ મોદી. મંત્રી- કુ. હસુમતીબેન પટેલ, અરવિંદભાઈ દેસાઈ, સંગઠન મંત્રી - પન્નાલાલ પંચાલ, અન્વેશક - શ્રીમતી ગીતાબેન દેસાઈ, હીરાભાઈ ચૌધરી, કાર્યાલય મંત્રી - અશોકભાઈ પટેલ. રાજ્ય કલ્યાણનીધી- રતનસિંહ સોલંકી તથા સારસ્વત મંત્રી - ચંદુભાઈ પટેલ. ઉપરોક્ત તમામ હોદ્દેદારોની નિમણુક સર્વાનુમતે કરવામાં આવી. ભવનના વિકાસ અર્થે નીચે મુજબ દાન મળેલ . જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી ૨૧૦૦૦, નિવૃત્ત આચાર્ય શ્રી વી. કે. પટેલ -૨૧૦૦૦, નિવૃત્ત આચાર્ય શ્રી વિનુભાઈ એમ. પટેલ -૧૧૦૦૦, મેથાણ હાઈસ્કૂલ ના આચાર્ય શ્રી એમ. આઈ. પઠાણ- ૧૧૦૦૦, કંબોઈ હાઈસ્કૂલ ના આચાર્ય શ્રી જયેશભાઈ પટેલ- ૫૦૦૦, બીલિયા હાઈસ્કુલ ના આચાર્ય શ્રી સુરેશભાઈ તરફથી ૨૦ ખુરશી, કન્યા વિદ્યાલય રાધનપુર ના આચાર્ય શ્રીમતિ ગીતાબેન દેસાઈ તરફથી ૨૧ ખુરશી ભવનને ભેટ સ્વરૂપે આપવામા આવી. કાર્યક્રમને અંતે સૌ મિત્રો સ્વરૂચી ભોજન લઈ છુટા પડેલ.

# રાજ્ય સરકારે આંદોલનોના ગુંચવાડાને ઉકેલવા માટે ૫ મંત્રીઓની કમિટી બનાવી

ગાંધીનગર,તા.૨૯

રાજ્યમાં અવાર નવાર આંદોલનો જોવા મળે છે. ગુજરાતમાં વારંવાર વિવિધ માંગણીને લઈને અલગ-અલગ કર્મચારી યુનિયન, કિસાન આંદોલન, એલઆરડી પુરુષ ઉમેદવાર આંદોલન, આરોગ્ય કર્મચારીઓના આંદોલન, પૂર્વ સૈનિકોના આંદોલનને લઈને સરકાર ચિંતામાં જોવા મળી છે. ત્યારે સરકાર દ્વારા આ આંદોલનોના નિકાલ માતે પાંચ મંત્રીઓની કમિટીની રચના કરવાનો નિર્ણય કર્યો છે. આ કમિટીમાં રાજ્ય સરકારના પાંચ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવશે. આ કમિટીમાં જીતુ વાઘાણી, ઋષિકેશ પટેલ, કનુ દેસાઈ, બ્રિજેશ મેરજા, હર્ષ સંઘવીનો સમાવેશ કરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.